RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

## NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 44* Date: 03.12.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# બનાસડેરીને ગંગા કિનારે લઇ જવા માટે કામ કરી રહ્યા છીએ: વડાપ્રધાન

**બનાસકાંઠા આટલુ લીલુછમ છે, મારે વોટ માંગવા નથી, જો તમારૂ ભલું થયું હોય તો જ વોટ આપજો.**



પાલનપુર,તા.૨

ગુજરાત વિધાનસભાની ચુંટણીના પ્રથમ તબક્કાનું મતદાન સંપન્ન થયા બાદ તમામ રાજકીય પક્ષોના નેતાઓએ હવે બીજા તબક્કાના મતદાન માટે પ્રચાર જોરશોરથી શરૂ કરી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાંકરેજથી કહ્યું હતું કે, પહેલાં ચરણમાં ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીનો ડંકો વગાડી દીધો છે. અહિયા મારૂ સ્વાગત થયુ, મને પાઘડી પહેરાવી કાંકરેજી ગાયની પ્રતિકૃતિ ભેટ આપી છે. આપણી કાંકરેજી ગાયો જેવી દેશી નસ્લની ગાયો આ વિરાસતને સમૃદ્ધ કરે છે. આપણે બનાસડેરીને બનાસ કિનારેથી ગંગા કિનારે એટલે કે કાશીમાં લઈ જવા માટે કામ કરી રહ્યા છીએ. ભાજપ સિંચાઇ માટે લગાતાર કામ કરે છે. જે બનાસકાંઠાની કોઇ ઓળખ નહોતી, તેને પાણી મળ્યું બટાકા અને અનારની ઓળખ મળી છે. નર્મદાના પાણી માટે કોંગ્રેસે લોલીપોપ આપ્યા પણ પાણી ન આપ્યું. સરદાર સરોવર ડેમ ન બને તે માટે અનેક અવરોધો ઉભા કર્યા, જેણે સરદાર સરોવર ડેમ અટકાવ્યો હતો, એમના ખભે હાથ મૂકીને કોંગ્રેસના નેતા પદયાત્રા કરે છે. જેણે પાણીને રોક્યું હોય એ પાપને માફ પણ ન કરાય એની જગ્યાએ ખભે હાથ મૂકે છે. કોંગ્રેસની નીતિ હતી લટકાના, અટકાના ઔર પટકાના છે. આ ચૂંટણીમાં તમારે આ નથી ભૂલવાનું.

વધુમાં વડાપ્રધાને જણાવ્યું કે, કોંગ્રેસના સ્વભાવમાં છે કે, તેને ફાયદો ન થાય એ કામ જ ન કરવાનું, ચોકડીઓ ખોદવા લોકો જતા એમાં પણ કોંગ્રેસ કટકી કરતી. આજે નર્મદાનું પાણી અમે ઘરે ઘરે પહોંચાડ્યું છે. બનાસકાંઠાના ભાઈઓ લખી રાખો આ મોદી છે તો કંઈ જ અશક્ય નથી. જે કહું એ કરવાનું એનું નામ જ મોદી... ૨૦૧૪માં તમે મને દિલ્હી મોકલ્યો ત્યારે ફાઈલો જોઈ, પછી મને વિચાર આવ્યો કે ખેડૂતોને પાણી આપો તે કંઈપણ કરી શકશે. મે પાણી આપ્યુ અને તમે મહેનત કરી. ટપક સિંચાઈથી પાણી પણ બચ્યું અને ખેતીને પણ આવક થઈ. દેશમાં જેટલું અનાજ પેદા થાય છે એના કરતાં પણ વધારે પૈસાનું દૂધ ઉત્પાદન થાય છે. બનાસકાંઠા આટલુ લીલુછમ છે, મારે વોટ માંગવા નથી, જો તમારૂ ભલું થયું હોય તો જ વોટ આપજો.

વડાપ્રધાન મોદીએ કોંગ્રેસને આડેહાથ લેતા વધુમાં જણાવ્યું કે, કોંગ્રસના રાજમાં કરોડોના ગોટાળા થતા, આ હું નથી કહેતો છાપાવાળા લખતા હતા. મારા આવ્યા પછી તમને આવું વાંચવા નહીં મળ્યું હોય, આ બધા પૈસા બચ્યા અને તમારા માટે કામ આવ્યા. ભ્રષ્ટાચાર પકડાય છે એટલે એમના પેટમાં તેલ રેડાય છે. કોંગ્રેસીઓ રાશનકાર્ડમાંથી ગરીબોનું અનાજ પણ ખાઈ ગયા છે. ૪ કરોડ એવા રેશકાર્ડ હતા કે જે વ્યક્તિનો જન્મ જ નહોતો થયો અને જેનો જન્મ ન થયો હોય એના લગ્ન થઇ ગયા હોય, સમુહ લગ્નના પૈસા મળે પછી વિધવા પેન્સન લેતા, આ કોંગ્રેસીઓ આવું કરતા હતા. આવા ૪ કરોડ રેશનકાર્ડ કેન્સલ કરીને મે આગળનો રસ્તો કર્યો, બધા રાશનકાર્ડને આધારકાર્ડથી જોડી દીધા, દુકાનોને ઈન્ટનેટથી જોડી દીધી. હવે ટ્રકમાં માલ ચડ્યાથી ગ્રાહકને મળે ત્યાં સુધી ટ્રેકિંગ થાય છે એટલે કટકી કરવા નથી મળતી.

કટકી કરવા ન મળે એટલે મોદીને ગાળો બોલે છે. દેશને લૂંટે એની સામે મોદી લાલ આંખ કરે કરે ને કરે જ..

વડાપ્રધાને કહ્યું કે, ઘરમાં ગંભીર માંદગી આવી હોય તો ગરીબ માણસ પાંચ વર્ષ દેવામાંથી બહાર ન આવે, અમે મા કાર્ડ જેવી યોજનાઓ લાવી અને ગરીબોની મદદ કરવાનું શરૂ કર્યું. કોરોનામાં આખી દુનિયા અધ્ધર થઇ હતી, આપણા પગ જમીન પર રહ્યા છે. આ દેશનો કોઇ ગરીબ ભુખ્યો ન રહે તેની ચિંતા અમે કરી, ત્રણ વર્ષ સુધી ૮૦ કરોડ લોકોને મફતમાં અમે અનાજ આપ્યું.

કોરોનામાં વેક્સિનનો તમારે એક રુપિયાનો ખર્ચ થયો? તમારા આશીવાર્દ જ મને હારવા નથી દેવાના. આપણે વિદેશમાંથી યુરિયા લાવવો પડે છે, સરકારને ૨૦૦૦માં પડે છે અને તમને ૨૭૦માં પડે છે. હવે આપણે નેનો યુરિયા બનાવી રહ્યા છે, એક થેલી જેટલું કામ એક બોટલ કરશે.

કોંગ્રસવાળાની ખબર હતી એ ગામમાં મોટા મોટાને સાચવી લે એટલે એમની દુકાન ચાલતી હતી. દેવા નાબુદીના નામે કોંગ્રેસે ભ્રષ્ટાચાર કર્યો, જેના ઘરે બે-બે ટ્રેક્ટર હોય એના દેવા માફ થતા હતા, ગરીબ માણસને દીકરી પરણાવવી હોય તો જમીન વેચવી પડતી હતી. અમે પી.એમ કિશાન યોજના લાવીને અત્યાક સુધી ૨ લાખ કરોડ રૂપિયા સીધા ખાતામાં આપ્યા, વચ્ચે કોઈને કટકી કરવા ન મળી.

બનાસકાંઠામાં ૫ લાખ ખેડૂતોને પૈસા મળ્યા, કટકી કરવા ન મળી એ મોદીનો વિરોધ કરે છે. હવે અંબાજી-તારંગા રેલવે લાઇન બનવા જઇ રહી છે, ટુરિઝમને નવો અવકાશ મળશે. નડાબેટ પર કોઇ ડોકિયું નહોતું કરતું અત્યારે હજારો લોકો આવે છે, દેશની ધરોહરની રક્ષા માટે અમે કામ કર્યું છે. ટૂરિઝમનો અવકાશ મળ્યો તો, આવક વધી છે.

બનાસકાંઠામાં તમારે બધાએ કમળ ખીલવવાના છે, પાકા પાયે વધુમાં વધુ મતદાન કરાવીને બધા રેકોર્ડ તોડવાના છે.

# કડકડતી ઠંડી માટે તૈયાર રહેજો !!! ઉતરના રાજ્યોમાં હિમ-વર્ષા પડશે, તો દક્ષિણમાં વરસાદી ઝાપટાં પડવાની આગાહી

નવીદિલ્હી,તા.૨

હવામાન વિભાગની આગાહી અનુસાર, પહાડી રાજય ઉત્તરાખંડ રાજયમાં આગામી બે દિવસ સુધી હવામાન શુકુ રહેવાની સંભાવના છે. આ ઉત્તર ભારતના પહાડોમાં તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે. આ સિવાય આ વિસ્તારમાં હિમ પડવાની પણ શકયતા છે. આ સાથે દેહરાદૂનમાં મહત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહ્યુ હતું.

ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં તેમજ મેદાની પ્રદેશોમાં ધીમે ધીમે ઠંડીનો પ્રકોપ વધવા જઇ રહ્યો છે. આ રાજયોમાં શિયાળાની સ્થિતિ એટલી ભયંકર બની છે કે હવે પ્રજાજનોને શરીરને ગરમ રાખવા માટે અગ્નિ પ્રગટાવવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં હવામાન વિભાગે આગાહી કરી છે કે આવનાર દિવસોમાં પર્વતો પર બરફ પડવાની સંભાવના છે. આ ઉપરાંત આ સમયે, દક્ષિણના રાજયોમાં હળવાથી મધ્યમ વરસાદની શકયતા પણ વ્યક્ત કરવામાં આવી છે. આ સંજોગોમાં ખેડૂતોના રવિ પાકને નુકસાન થવાની સંભાવના પણ છે.

નોંધનીય છેકે, ડિસેમ્બર મહિનાની શરૂઆતથી જ ઉત્તર ભારતના હવામાનમાં મોટો ફેરફાર જોવા મળવાની શકયતા છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં કડકડતી ઠંડી પડવાની સંભાવના છે. રાજધાની નવી દિલ્હી સહિતના વિસ્તારોમાં ઠંડીનો પ્રકોપ દેખાઇ રહ્યો છે. આવનાર દિવસોમાં દિલ્હીના તાપમાનમાં વધુ ઘટાડો નોંધાઇ શકે છે. વહેલી સવારે અને સાંજે દિલ્હીમાં ધુમ્મસભર્યું વાતાવરણ છવાયું હતું.

હિમાચલ પ્રદેશમાં હવામાન ૩ ડિસેમ્બર સુધી સ્વચ્છ રહેશે. હિમાચલમાં ૩ ડિસેમ્બર પછી જ વરસાદની સંભાવના દેખાય છે. રાજ્ય હવામાન વિભાગે જણાવ્યું કે નવેમ્બરમાં ખૂબ ઓછો વરસાદ નોંધાયો છે. પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદ નોંધાયો છે. પરંતુ અન્ય વિસ્તારોમાં સામાન્ય કરતાં સામાન્યથી ઓછો વરસાદ નોંધાયો છે. આ ઓછા વરસાદને કારણે ખેડૂતોના પાકને અસર થઈ છે.

ઉત્તરાખંડની વાત કરીએ તો, ઉત્તરાખંડમાં બે દિવસ સુધી હવામાન શુષ્ક રહેશે. પહાડો પર તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થશે. પહાડો પર હિમ પણ પડી શકે છે. દેહરાદૂનમાં લઘુત્તમ તાપમાન ૧૦.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હિમવર્ષાને કારણે રવિ સહિતના પાકની ઉપજને અસર થઈ શકે છે.

બિહારમાં આગામી કલાકોમાં તાપમાનમાં ઘટાડો થશે. હાલમાં બિહારમાં લઘુત્તમ તાપમાન ૧૦ થી ૧૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાયું છે.આગામી ૪-૫ દિવસમાં અંદમાન- નિકોબાર, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, લક્ષદ્વીપમાં છૂટાછવાયા વરસાદની આગાહી છે.

# કર્ણાટકમાં મુસ્લિમ છાત્રાઓ માટે કોલેજ બનાવવાના પ્રસ્તાવ પર વિરોધ

બેંગ્લુરૂ,તા.૨

કર્ણાટકમાં સત્તારૂઢ ભાજપ સરકાર દ્વારા મુસ્લિમ યુવતીઓ માટે ૧૦ નવી કોલેજ બનાવવાના નિર્ણય પર વિવાદ ઉભો થયો છે.હિન્દુ સંગઠનોએ તેનો વિરોધ કરવાની ચેતવણી આપી છે.સુત્રોએ જણાવ્યું હતું કે સરકાર પોતાના નિર્ણયમાં આગળ વધી રહી છે અને ૨.૫૦ કરોડ રૂપિયાનું અનુદાન પણ ફાળવવામાં આપ્યું છે.મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ આ મહીને કોલેજોની આધારશિલા રાખવા માટે તૈયાર છે. સુત્રોના જણાવ્યા અનુસાર શરૂઆતમાં મલનાડ અને ઉત્તર કર્ણાટક ક્ષેત્રોમાં કોલેજ બનાવવામાં આવી રહી છે અને ત્યારબાદ તેનો વિસ્તાર કરવામાં આવશે. કર્ણાટક વકફ બોર્ડના અધ્યક્ષ મૌલાના શફી સાદીએ કહ્યું કે વિશેષ કોલેજો માટે બોર્ડ દ્વારા પ્રસ્તાવ આપવામાં આવ્યો હતો અને આ નિર્ણય મોટી સંખ્યામાં મુસ્લિમ યુવતીઓ દ્વારા હિજાબ પહેરવાની મંજુરી ન આપવા પર ઘર પર રહેવાના વિકલ્પ પસંદ કર્યા બાદ લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે પ્રસ્તાવ કેન્દ્રીય મહિલા અને બાલ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીને આપવામાં આવ્યો હતો પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્ણાટકના મંત્રી શશિકલા જોલે અને કલાબુરગીના સાંસદ ઉમેશ જાધવે કર્યું હતું. રાજય સરકારે પ્રસ્તાવ પર સહમતિ આપી છે.હું મંત્રી શશિકલાનો આભાર માનુ છું જેમણે મુસ્લિમ યુવતીઓને શિક્ષિત કરવા માટે એક બેનની જેમ નેતૃત્વ કર્યું જો કે હિન્દુ જન જાગૃતિ સમિતિના નેતા મોહન ગૌડાએ કહ્યું કે જો મુસ્લિમ યુવતીઓની કોલેજ બનાવવી હોય તે હિન્દુ શિક્ષણ સંસ્થાન પણ બનાવવી જોઈએ તેમણે કહ્યું કે સરકારનો આ નિર્ણય ધર્મનિરપેક્ષતા અને બંધારણના સિધ્ધાંતોની વિરૂધ્ધ છે ગૌંડાએ ચેતવણી આપી છે કે જો સરકાર આ નિર્ણયને પાછો નહીં લે તો વિરોધ પ્રદર્શન કરવામાં આવશે જયારે શ્રીરામ સેનાના સંસ્થાપક પ્રમોદ મુથાલિકે રાજય સરકારને કોલેજોના નિર્માણની વિરૂધ્ધ પડકાર ફેંકતા કહ્યું કે રાજયમાં તેની મંજુરી આપવામાં આવશે તેમણે કહ્યું કે અમે કયારેય વિચાર્યું ન હતું કે ભાજપ વિધાનસભા ચુંટણી પહેલા મુસલમાનોની તુષ્ટિકરણમાં સામેલ થશે.

# ચીન કે કોઈ અન્ય દેશની પાસે ભારતના સૈન્ય અભ્યાસ પર કોઈ અધિકાર કે વીટો નથી. : ભારત



નવીદિલ્હી,તા.૨

ઉત્તરાખંડમાં વાસ્તવિક નિયંત્રણ રેખાથી લગભગ ૧૦૦ કિમી દૂર ભારત-અમેરિકાના સંયુક્ત સૈન્ય અભ્યાસ 'યુદ્ધ અભ્યાસ' થી ચીને નારાજ થયું છે. ચીને સૈન્ય અભ્યાસ સામે વાંધો ઉઠાવતા તેનો વિરોધ કર્યો છે. ચીને સંયુક્ત ભારત-અમેરિકા સૈન્ય અભ્યાસનો વિરોધ કરતા કહ્યું છે કે તે નવી દિલ્હી અને બેઇજિંગ વચ્ચે થયેલા બે સરહદ કરારની ભાવનાનું ઉલ્લંઘન કરે છે. ભારતે ચીનના વાંધાને સીધો ફગાવી દીધો છે. ભારતે કહ્યું કે યુદ્ધ અભ્યાસને ૧૯૯૩ના કરાર સાથે કોઈ લેવાદેવા નથી. ચીન પોતે જ સમજૂતીનું ઉલ્લંઘન કરે છે, તેણે પહેલા પોતાના વ્યવહારના ઉલ્લંઘન વિશે આત્મનિરીક્ષણ કરવું જોઈએ.વિદેશ મંત્રાલયે કહ્યું, 'ચીન અથવા અન્ય કોઈ દેશને ભારતના સૈન્ય અભ્યાસ પર કોઈ અધિકાર અથવા વીટો નથી.× ભારતે ગુરુવારે ઉત્તરાખંડના ઔલીમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) નજીક યુએસ સાથે સંયુક્ત યુદ્ધ અભ્યાસ અંગેના ચીનના વાંધાને નકારી કાઢતા ગુરુવારે કહ્યું કે તે આવા મુદ્દાઓ પર કોઈ ત્રીજા દેશને 'વીટો' આપી શકે નહીં.

ચીન પર પ્રહાર કરતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ પત્રકારોને જણાવ્યું હતું કે ઔલીમાં અમેરિકા સાથે સંયુક્ત યુદ્ધ અભ્યાસને ચીન સાથેના ૧૯૯૩ અને ૧૯૯૬ના કરારો સાથે કોઈ લેવાદેવા નથી. બાગચીએ કહ્યું, ×ચીન પક્ષે આ મુદ્દો ઉઠાવ્યો હોવાથી, હું રેખાંકિત કરીશ કે ચીને ૧૯૯૩ અને ૧૯૯૬ના કરારોના ઉલ્લંઘન વિશે પોતાને માટે વિચારવું જોઈએ. તેમણે કહ્યું- ભારતે કોની સાથે યુદ્ધ અભ્યાસ કરે છે, તેને લઈને કોઈ ત્રીજો પક્ષ વીટો પ્રદાન કરી શકે નહીં.

# યુપીમાં પ્રશાસનિક પરિવર્તન હેઠળ અનેક જીલ્લામાં આઇપીએસ અધિકારીઓની ટ્રાંસફર

## આઈપીએસ લક્ષ્મીસિંહ ઉત્તરપ્રદેશના ઈતિહાસમાં તે પહેલી મહિલા પોલીસ અધિકારી બની ગયા



નોઈડા,તા.૨

ઉતરપ્રદેશની યોગી સરકારે પોલીસ પ્રશાસનમાં અનેક મોટા ફેરફાર કર્યા છે.નવા પ્રશાસનિક પરિવર્તન હેઠળ અનેક જીલ્લામાં આઈપીએસ અધિકારીઓની ટ્રાંસફર કરી છે.સરકારના નવા આદેશ બાદ વારાણસી આગ્રા,ગૌતમબુધ્ધનગર,ગાઝિયાબાદ અયોધ્યા મથુરા લખનૌ બહરાઇચ અને પ્રયાગરાજ સહિત વિવિધ જીલ્લામાં ૧૬ આઈપીએસ અધિકારીઓની બદલી કરી છે.

આ ક્રમમાં પ્રદેશના મહત્વપૂર્ણ જીલ્લામાં સામેલ ગૌતમબુધ્ધનગરના પોલીસ કમિશ્નર આલોક સિંહની બદલી કરી મુખ્ય કાર્યાલય (લખનૌ)માં જવાબદારી સોંપવામાં આવી છે.જયારે તેમની જગ્યાએ જીલ્લામાં આઈપીએસ લક્ષ્મીસિંહને ગૌતમબુધ્ધનગર પોલીસ કમિશ્નરની જવાબદારી સોંપવામાં આવી છે.જેમણે પોતાનો પદભાર પણ ગ્રહણ કર્યું છે. પદભાર ગ્રહણ કર્યા બાદ તેમણે કહ્યું કે અહીં મોટી સંખ્યામાં મહિલા કર્મચારી કામ કરે છે તેમની સુરક્ષા એક મોટી જવાબદારી છે.જીલ્લામાં મહિલાઓની સુરક્ષા તેમની પહેલી જવાબદારી હશે આ સાથે જ નોઈડા પોલીસ સામાન્ય લોકોની સાથે મળી તેમનો સંપર્ક વધારી સારી પુલિસિંગ કરશે

લક્ષ્મીસિંહે પદભાર સંભાળતા જ એક રેકોર્ડ બનાવી લીધો છે.ઉત્તરપ્રદેશના ઈતિહાસમાં તે પહેલી મહિલા પોલીસ અધિકારી બની ગયા છે જે કોઇ જીલ્લાના પોલીસ કમિશ્નક બન્યા હોય.આ પહેલા તે લખનૌ રેંજની આઈજી પદ પર તહેનાત હતાં લક્ષ્મીસિંહને ખુબ કડક પોલીસ અધિકારી માનવામાં આવે છે.૧

ોતાના શાનગાર પ્રદર્શન અને જવાબદારીની ઈમાનદારીનું પાલન કરવા માટે લક્ષ્મીસિંહને અનેક પુરસ્કારોથી સમ્માનિત કરવામાં આવ્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલ નેશ નલ પોલીસ એકેડમી હૈદરાબાદમાં તાલિમ દરમિયાન લક્ષ્મીસિંહ બેસ્ટ પ્રોબેશનર જાહેર થયા હતાં. ૨૦૦૦ વેચની આઈપીએસ લક્ષ્મીસિંહને વડાપ્રધાન તરફથી સિલ્વર બેટન મળી ચુકયો છે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રાલય તરફથી તેમને પુરસ્કાર સ્વરૂપે નવ એમએમની એક પિસ્તોલ પણ મળી છે.

આઈપીએસ અધિકારી લક્ષ્મી સિંહ અત્યાર સુધી કાર્યકાળ દરમિયાન અનેક જીલ્લામાં જીલ્લા પોલીસ અધીક્ષક અને વરિષ્ઠ પોલીસ અધીક્ષકના પદ પર પોતાની સેવા આપી ચુકયા છે. પોતાના કાર્યકાળમાં માફિયા અને સંગઠિત અપરાધની વિરૂધ્ધ જોરદાર અભિયાન ચલાવવાને કારણે અનેકવાર ચર્ચામાં આવ્યા છે.

કાનપુરના બિકરૂ કાંડમાં વિકાસ દુબે અને તેની ગેંગના સભ્યોએ પોલીસના અનેક જવાનોને ઠાર માર્યા હતાં ત્યારબાદ દુબે અનેક પોલીસ કર્મચારીઓને મળ્યા હતાં ત્યારબાદ યોગી સરકારે આ કાંડની તપાસ લક્ષ્મી સિંહને જ સોંપી હતી આ ઉપરાંત ઉન્નાવ જીલ્લામાં ખેતરમાં દોરડુ બાધી મળેલી ત્રણ યુવતીઓના કેસ બંન્નેની તપાસની જવાબદારી તેમને જ સોંપવામાં આવી હતી તેમણે ઉન્નાવ કેસમાં આરોપીઓને ત્રણ દિવસની અંદર સળિયાની પાછળ ધકેલી દેવામાં આવ્યા હતાં.

## તંત્રી સ્થાનેથી...

# રૂપિયો બન્યો ડિજિટલ




*પહેલી ડિસેમ્બરથી દેશમાં ડિજિટલ રૂપિયામાં પણ સત્તાવાર રીતે લેવડદેવડની શરૂઆત થઈ ગઈ. ડિજિટલ રૂપિયાનું રિટેલ ટ્રાયલ હાલમાં દેશનાં ચાર શહેરો - મુંબઈ, દિલ્હી, બેંગલુરુ અને ભુવનેશ્વરમાં શરૂ થઈ રહ્યું છે. જોકે હજુ બહુપ્રતીક્ષિત ડિજિટલ રૂપિયાની શરૂઆત પ્રયોગના સ્તર પર એક નિશ્ચિત સમૂહની અંદર થઈ રહી છે. જો આ પ્રયોગ સફળ રહ્યો, તો તેનો વિસ્તાર અમદાવાદ, ગંગટોક, ગુવાહાટી, હૈદરાબાદ, ઈન્દોર, કોચ્ચિ, લખનૌ, પટના અને શિમલા સુધી કરવામાં આવશે. વાસ્તવમાં, રૂપિયાનું આ બદલાતું સ્વરૂપ ગયા વર્ષે ઓગસ્ટથી જ વધારે ચર્ચામાં છે. સત્તાવાર રીતે અનેક પ્રકારના ડિજિટલ રૂપયા બજારમાં ચાલી રહ્યા છે, જેની ગેરંટી ભારતીય રિઝર્વ બેંક નથી લેતી, પરંતુ આ ડિજિટલ રૂપિયા માટે રિઝર્વ બેંક જવાબદાર રહેશે. તેનાથી સુવિધા આ રહેશે કે લોકોને આવનાર દિવસેમાં કોઈપણ પ્રકારની ખરીદી માટે રોકડ કે ચેક કે ડ્રાફ્ટની જરૂર નહીં રહે. રૂપિયા કે મુદ્રાની દુનિયામાં થઈ રહેલા આ બદલાવ પર લોકોની તી-ણ નજર છે અને તે એ જોવા માંગે છે કે તેનાથી તેની સુવિધા કેવી રીતે વધશે?*

*કેટલીક વાતો સ્પષ્ટ રૂપે સમજી લેવાની જરૂર છે. આપણે એ દોરમાં જઈ રહ્યા છીએ, જ્યાં રોકડ રાખવાની જરૂર ખતમ થઈ જશે. સરકારે ચલણી મુદ્રાનું છાપકામ ઓછામાં ઓછું અથવા નહિવત કરવું પડશે. જો એવું ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે કરાઈ રહ્યું હોય તો તે પ્રશંસનીય છે. જોકે તેમાં કેટલી સફળતા મળશે તે તો સમય જ બતાવશે. કારણ કે આજે પણ ઓનલાઈન લેવડદેવડથી ભ્રષ્ટાચાર કેટલો ઓછો થયો છે તે સંશોધનનો વિષય છે. રિઝર્વ બેંકનું માનવું છે કે આજે પણ બજારમાં કેટલીય વાર નકલી નોટ આવી જાય છે, પરંતુ ડિજિટલ રૂપિયાની નકલ નહીં થઈ શકે. નોટ ખોવાઈ જવા, પલળી-ફાટી જવા વગેરેનો ડર નહીં રહે. સરકાર પણ એ સચોટ રીતે જાણી શકશે કે કેટલા રૂપિયા કોની પાસે છે. જોકે લેણ-દેણમાં સુવિધા અને પારદર્શિતા નક્કી કરવા તરફ આ લાંબો રસ્તો છે. તેમાં ડિજિટલ સાક્ષરતા પણ એક અડચણ બનશે. બેશક, સરકારે આ દિશામાં કારગત પગલાં ઉઠાવવાં પડશે, એ જરૂરી છે કે તંત્રના સ્તર પર થનારો ભ્રષ્ટાચાર તે વહેલી તકે રોકે. જો સરકારી અને કોર્પોરેટ લેણદેણ પણ સંપૂર્ણ રીતે ડિજિટલ થઈ જાય તો તે મોટી સફળતા રહેશે. આમ આદમી કે રિટેલ લેવડદેવડ પર નજર રાખવાથી કંઈ ખાસ હાંસલ નહીં થાય. મોટી લેવડદેવડમાં ડિજિટલ રૂપિયાને ઉત્તેજન સૌથી જરૂરી છે.*

*હાલમાં જે બિનસત્તાવાર ડિજિટલ મુદ્રાઓ છે, તેમની પહોંચ કે વિસ્તાર સીમિત છે. સામાન્ય લોકો જ્યારે જાણશે કે ડિજિટલ રૂપિયા દ્વારા લેવડદેવડમાં વધુ સુવિધા અને ફાયદો છે, તો નિશ્ચિતપણે તેનો ઉપયોગ વધારશે. ધ્યાન રહે કે ભીમ, પેટીએમ, ગૂગલપે વગેરેનો ઉપયોગ સામાન્ય લોકો વચ્ચે ઝડપથી વધ્યો છે, પરંતુ અહીં મોટાભાગની લેવડદેવડ ખાતાથી ખાતામાં થાય છે. કાલથી જે પ્રયોગ શરૂ થયો છે, જો તેનો ઉપયોગ ઈ-વોલેટ દ્વારા જ થવાનો હોય તો શું તેના માટે અલગથી શુલ્ક લેવામાં આવશે? ક્યાંક એવું ન થાય કે ઈ-વોલેટનો વ્યવસાય બેંકોથી અલગ મજબૂતીથી ઊભો થાય અને આ સેવા માટે લોકોના ખિસ્સા પર તરાપ મારવામાં આવે. લોકો પોતાના ધનની સુરક્ષા ઈચ્છે છે અને તેના માટે આર્થિક સેવાઓમાં ચોકસાઈ વધવી જોઈએ. કોઈ વ્યક્તિ શાકભાજી બજારથી માંડીને શેરબજાર સુધી ડિજિટલ રૂપિયાથી લેવડદેવડ ત્યારે જ વધારશે, જ્યારે તેમાં વધારાનો લાભ દેખાશે. મુદ્રા કોઈપણ ચાલે, પરંતુ આમ આદમીનું હિત સૌથી ઉપર રહેવું જોઈએ.*

## એમસીડી ચૂંટણીના કારણે દિલ્હીમાં દારૂની દુકાનો બંધ રાખવાનો આદેશ

નવીદિલ્હી,તા.૨

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીનો પ્રચાર આજે રોકાઈ જશે. ત્યાં ૪ ડિસેમ્બરે ચૂંટણી છે. ઘણીવાર એ ફરિયાદ આવે છે કે ચૂંટણીમાં મતદારોને પોતાના પક્ષમાં કરવા માટે દારૂ અને રૂપિયાનો ઉપયોગ કરવામાં આવે છે. આ કારણે સાવચેતીના ભાગરૂપે ચૂંટણી સમયે દારૂની દુકાનોને બંધ કરી દેવાઈ છે. જેના હેઠળ દિલ્હી એમસીડી ચૂંટણીને પગલે દિલ્હીમાં દારૂની દુકાનોને બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

દિલ્હી સરકારના આદેશ અનુસાર ડ્રાય ડેની શરૂઆત આજથી થશે જે મતદાનના દિવસ સુધી ચાલુ રહેશે, મતગણતરીના દિવસે પણ દારૂની દુકાનો બંધ જ રહેશે.

દારૂની દુકાનો બંધ રહેવાના સમાચાર સાંભળતાની સાથે જ દારૂના શોખીન લોકો પોત-પોતાનો જુગાડ લગાવી રહ્યા છે. અમુક લોકો અગાઉથી જ ત્રણ દિવસ માટેનો દારૂ ખરીદીને ભેગો કરી રહ્યા છે.

દિલ્હી સરકાર તરફથી જારી આદેશ અનુસાર આજે એટલે કે ૨ ડિસેમ્બરે સાંજે સાડા પાંચ વાગ્યાથી ૪ ડિસેમ્બર ૨૦૨૨એ સાંજે ૫.૩૦ વાગ્યા સુધી દિલ્હીમાં દારૂની દુકાનો બંધ રહેશે. આ દરમિયાન ૪ ડિસેમ્બરે એમસીડી ચૂંટણીનું મતદાન થવાનુ છે.

બદલી
કાયમ કમનસીબ કિસ્મતને,
સાડીની જેમ ખોલી શકાતું નથી.
સનમની બેવફા હરકતોને,
ગાડીની જેમ બદલી શકાતી નથી.
વજન ઘટાડવાની હરકતને
જાડીની જેમ બદલી શકાતી નથી.
છમકછલ્લો સાથેની મહોબ્બતને,
લાડીની જેમ બદલી શકાતી નથી.
ઈર્ષા,અસંતોષની અફડાતફડીને,
ચાડીની જેમ બદલી શકાતી નથી.
ભરત વૈષ્ણવ
૦૨-૧૨-૨૦૨૨

# મહિલાઓ માટે સાડી બેંકને બદલે પુરૂષો માટે લેંઘા- સદરા બેંક શરૂં કરો.

વડોદરામાં બિન નિવાસી ભારતીય મહિલા અને સ્થાનિક માનુનીઓએ એકત્ર થઇ નૂતન અને અભિનવ કહી શકાય તેવી સાડી બેંકની સ્થાપના કરી છે.તેના નિયમો અખબારમાં પ્રગટ થયેલ નથી.

આપણે ત્યાં ધકકાબેંક, નવરીબજાર બેંક, થનગનભૂષણ બેંક, (અંધ)ભકતબેંક,સહકારી બેંક, સરકારી બેંક, બ્લડ બેંક, એકઝીમ બેંક, અર્બન બેંક, રૂરલ બેંક એગ્રિકલ્ચર બેંક-નાબાર્ડ,બ્રેસ્ટમિલ્ક બેંક, ગોબર બેંક અને રીઝર્વ બેંક કાર્યરત છે.( આ સિવાય બેંક હોય તો લિસ્ટમાં ઉમેરી લેવા અમારો હુકમ છે)

આપણને બરોડાની સાડી બેંકમાં રસ પડે તે સ્વાભાવિક છે. હું અને અમારો એવરગ્રિન રાજુ રદી સાડી બેંકમાં પહોંચી ગયા.

ઓવર ટુ સાડી બેંક બરોડા...

એક સ્લીમસ્થૂળ મહિલા કશુંક બબડતા અને ભંભોટીયા સ્ટવની જેમ ફાટેલી હાલતમાં નીકળ્યા.

"હાય , મિસ.,.." અમે અભિવાદન કર્યું. ( કોઇ પણ પરણેલી કે વયસ્કા ( વયસ્કનો મહિલા સૂચક શબ્દ, અરે ડયુડ સમજા કરો.)

" અરે, ભાડમાં ગઇ તમારી મિસ" નારી બોમ્બ ફાટ્યો.

વ્હોટ હેપન મેડમ .બી કુલ. એકસપ્લેઇન . તમે કેમ ગુસ્સામાં છો?કેમ વી હેલ્પ યું?"અમે પૂછયું.

" અરે , હું પાટણનું પટોળું ભાડે લેવા આવેલ. સાડી એપમાં અવેઈલેબલ છે તેમ દર્શાવેલ . અહીં આવી તો કહે કે પટોળા સેકશન અંડર મેઇનટેન્સમાં છે. છેક વાધોડિયાથી ધક્કો પડ્યો અને દિવસ બગડ્યો લટકામાં!! "એમનો ગુસ્સો વાજબી હતો. અમે કરી પણ શું શકીએ? પાટણ જઇને પટોળા ખરીદીને સાડી બેંકમા ભેટ આપવાની ઈચ્છા જરૂર થાય. અપિતું પોકેટચંદ્ર સાથ આપતા નથી!!

અમે સાડી બેંકમાં અંદર પ્રવેશ કર્યો.

કાઉન્ટર પર કોલેજિયન બાળાની રકઝક ચાલે.

" તમે પચાસ હજારની સાડી ભાડે લઇ ગયા. તમે દાળશાક ઝાપટ્યા. અમને તેનો વાંધો નથી. પરંતું, સાડીને દાળશાક શું કામ જમાડ્યા? એક તો બીપીએલ કાર્ડ પર મફતમાં-કાણી પાઇ ચુકવ્યા વગર સાડી લઇ ગયાને પેટ્રોલ વોશ -રોલ કર્યા વગર સાડી આપવા આવ્યા? ચોરી પર શિનાજોરી જેમ ઉપરથી પેટ્રોલવોશના પૈસા મારે ન આપવાના હોય તેવી દલીલ કરો છો?" કાઉન્ટર પરના બેન અકળાયા!!

આ બબાલ પૂરી ન થઇ ત્યાં એક રૂઆબદાર બકસમ-જયલલિથા બ્રાંડ બહેનજી ધોખો કરવા માંડ્યા,"બધી સાડી પાંચ મીટર છે. શું મને કમ્ફર્ટેબલ થાય એવી સાડી નથી??"

"બહેનજી તમે ગાર્ડન વરેલી કંપનીમાંથી કાપડનો તાકો મંગાવશો તો જ તમારા દેહનો તંબુ ઢંકાશે!! " કાઉન્ટર પરથી સણસણતો જવાબ મળ્યો!!

એક બેંકર જેવા દેખાતા મેડમ હિસાબ કરતા હતા કે દોઢ લાખની સાડીનું પાંચ હજાર રૂપિયા ભાડું. આ સાડી ત્રીસ વાર ભાડે અપાય એટલે સાડીની કિંમત જેટલું તો ભાડું મળી જાય. પછી વકરો એટલો નફો!! આ ભાડાના હપતા થાય કે નહીં?

કાઉન્ટર પરના બેન અમદાવાદીને ચડે તેવી ગણતરીથી કિં કર્તવ્યદિંગ્મૂઢ થઇ ગયા!!

" મેડમ ,તમે સવારથી સાડી બેંકમાં આવ્યા છો. દોઢસો સાડી ફેંકી નાંખી છે. હવે બેંક બંધ કરવાનો સમય થયો છે. તમારી સાડી પસંદ થઇ નથી. કેવી સાડી જોઇએ છે?"

મને લિપસ્ટિક,નેઇલ પોલિશ અને મશકરાના રંગને મેચ થાય એવી આછા રાણી રંગની ગ્લોસી મેટ ફિનિશિંગ વાળી સાડી જોઇએ છે"

" ઓહ, નો! તમે રતનપોળ પહોંચી જાવ. ત્યાં સાડી ન મળે તો સારિકા સાડી કંપનીમાંથી મંગાવી લો." કાઉન્ટર કામિનીએ મગજ ગુમાવ્યા સિવાય ઠંડા દિમાગથી પ્રત્યુત્તર આપ્યો.

મેં અને રાજુ રદીએ સાડી બેંકના કર્તા- હર્તા- સમાહર્તાને અંતઃકરણથી અભિનંદન આપીને કહ્યું"તમારા ધૈર્યને સલામ છે! તમને આ બેંક શરૂં કરવાનો પસ્તાવો થાય છે કે આનંદ થાય છે.

" પસ્તાવો થાય છે. આના કરતાં પૂરૂષો માટે લેંઘા, સદરા , લુંગી , ગંજીફરાક કે પેન્ટ-શર્ટ બેંક શરૂં કરી હોત તો બેંક સરળતાથી ચાલતી હોત." કપાળ કૂટતા કામિનીએ કકળાટ કર્યો!!

લો, અમે આઈડિયા આપ્યો!! જિંદગી બદલવા કોઇ જહેમત ઉઠાવો. અમારા આંગડિયાની રોયલ્ટી અમારા સ્વિસ બેંક એકાઉન્ટ નંબર-૦૦૦૦૦૦ માં જમા કરાવવા અનુરોધ છે.!!

ભરત વૈષ્ણવ
૨.૧૨.૨૦૨૨.#
હાસ્યલેખ

# દુનિયાના સૌથી મોંઘા શહેરમાં ન્યુયોર્ક અને સિંગાપોર ટોચ પર, ટોપ ૧૦૦માં ભારતનું કોઈ શહેર સામેલ નથી

નવીદિલ્હી,તા.૨

દુનિયાભરમાં મોંઘવારી સતત વધતી જાય છે. અને લોકોની જીવનશૈલી પણ સતત બદલાતી જાય છે. પરંતુ આપણે બધા જાણીએ છીએ કે દરેક શહેરમાં આટલી મોંઘવારી હોતી નથી, ઘણા એવા શહેર છે જે જીવન જીવવા માટે પ્રમાણમાં સસ્તા છે, પરંતુ આજે આપણે અહિં દુનિયાના સૌથી મોંઘા શહેર વિશે વાત કરી રહ્યા છીએ. લંડનના ઈકોનોમિસ્ટ યૂનિટના 'વલ્ડવાઈડ ઓફ લિવિંગ સર્વે અનુસાર વિશ્વના સૌથી મોંઘા શહેરો સંયુક્ત રીતે ન્યુયોર્ક અને સિંગાપોર છે. આ પહેલી વખત છે જ્યારે ન્યૂયોર્ક રેક્કિંગમાં ટોચ પર છે. વિશ્વના સૌથી મોટા શહેરોમાં રહેવાની સરેરાશ કિંમત આ વર્ષે ૮.૧% વધી છે. યુક્રેનમાં યુદ્ધ અને સપ્લાય ચેન પર કોવિડની અસરને આ મોંઘવારી વધારા પાછળના પરિબળો તરીકે ઓળખવામાં આવી હતી.મોટા વૈશ્વિક શહેરોમાં ઊર્જાના કિંમતમાં વધારો થવાથી ફુગાવાનો દર બમણો થયો છે. વિશ્વના મુખ્ય શહેરોમાં સર્વેક્ષણ કરાયેલા ૧૭૨ શહેરોમાં રહેવાની કિંમત વાર્ષિક સરેરાશ ૮.૧ ટકા વધી છે. આ દર છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી વધુ છે. આ યાદીમાં ત્રણ ભારતીય શહેરોના નામ પણ છે પરંતુ ટોપ ૧૦૦માં ભારતનું કોઈ શહેર સામેલ નથી.

વિશ્વના ૧૦ સૌથી મોંઘા શહેરોની યાદીમાં ત્રણ અમેરિકન શહેરો ન્યૂયોર્ક, લોસ એન્જલસ અને સાન ફ્રાન્સિસ્કો સામેલ છે. આ પ્રથમ વખત બન્યુ છે જ્યારે ન્યૂયોર્કને ત્રણ શહેરો યાદીમાં ટોપ પર હોય. કિંમતોમાં વધારા અને ડોલરની મજબુતાઈ વચ્ચે સર્વેમાં સામેલ તમામ ૨૨ યુએસ શહેરોએ પણ રેક્કિંગમાં વધારો જોવા મળ્યો છે. આમાંથી છ (એટલાન્ટા, શાર્લોટ, ઈન્ડિયાનાપોલિસ, સાન ડિએગો, પોર્ટલેન્ડ અને બોસ્ટન) એ ૧૦ શહેરોમાં સામેલ છે જેણે રેક્કિંગમાં સૌથી વધુ ઉછાળો નોંધાવ્યો છે. જોકે મોટાભાગના યુરોપિયન શહેરોએ તેમની રેક્કિંગમાં ઘટાડો કર્યો છે.

વૈશ્વિક સર્વેમાં જાહેર કરાયેલા રેક્કિંગમાં ઈઝરાયેલનું શહેર તેલ અવીવ ગયા વર્ષે ટોચ પર હતું, જે હવે ત્રીજા સ્થાને આવી ગયું છે. સૌથી મોટો ફેરફાર રશિયન શહેરો મોસ્કો અને સેન્ટ પીટર્સબર્ગની રેક્કિંગમાં થયો છે. ભારે ફુગાવાના સંદર્ભમાં, બંનેનું રેક્કિંગ અનુક્રમે ૮૮ અને ૭૦ પોઈન્ટ્સ વધ્યું છે.

હકીકતમાં, યુક્રેનમાં યુદ્ધ, રશિયા પર પશ્ચિમી પ્રતિબંધો અને ચીનની કોવિડ નીતિઓએ સપ્લાય-ચેઈન સમસ્યાઓને કારણે સમગ્ર વિશ્વમાં મોંઘવારી ઝડપથી વધી રહી છે. રિપોર્ટ અનુસાર દુનિયાના સૌથી સસ્તા શહેરો સીરિયાના દમાસ્કસ અને લિબિયાના ત્રિપોલી છે. આ સ્થિતિ આ દેશોની નબળી અર્થવ્યવસ્થા અને ચલણને દર્શાવે છે.

મોંઘવારીની યાદીમાં ત્રણ ભારતીય શહેરો પણ સામેલ છે. જેમાં બેંગ્લોર ૧૬૧માં, ચેન્નાઈ ૧૬૪માં અને અમદાવાદ ૧૬૫માં ક્રમે છે. આ વર્ષે ઓગસ્ટથી સપ્ટેમ્બર વચ્ચે કરવામાં આવેલા આ સર્વેમાં વિશ્વભરના શહેરોમાં ૨૦૦ થી વધુ વસ્તુઓ અને સેવાઓની કિંમતોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

સૌથી મોંઘું શહેર

રેક અને સિટી ૧ – ન્યૂયોર્ક, ૧ – સિંગાપોર, ૩ – તેલ અવીવ, ૪ – હોંગકોંગ, ૪ – લોસ એન્જલસ, ૬ – ઝ્યુરિચ, ૭ – જિનીવા ૮ – સાન ફ્રાન્સિસ્કો, ૯ – પેરિસ, ૧૦ – સિડની ૧૦ – કોપનહેગન

## ઠાકરે જૂથનો શિંદે જૂથ પર ફરી સૌથી મોટો આરોપ, ગુવાહાટી ગયેલા ધારાસભ્યોને ૫-૫ કરોડ મળ્યા

મુંબઇ,તા.૨

મહારાષ્ટ્રમાં રાજકીય માહોલ ફરી એકવાર ગરમાયો હોય તેવી સ્થિતિ ઉભી થઈ છે. શિવસેના (ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે) જૂથના નેતાએ એક આરોપ લગાવ્યો છે કે તાજેત્તરમાં મુખ્યપ્રધાન એકનાથ શિંદેના ટેકો આપતા સાંસદ અને ધારાસભ્યો જે ફરીથી ગુવાહાટી ગયા હતા, તે કામાખ્યા દેવી મંદિરમાં બાધા પૂર્ણ કરવા અને આર્શીવાદ લેવા નહતા ગયા. તેમની વચ્ચે ૫-૫ કરોડ રૂપિયા વહેંચાયા, તેથી તેઓ ફરી ગુવાહાટીના પ્રવાસ પર ગયા. ઠાકરે જૂથના નેતા ચંદ્રકાંત ખેરના આ આરોપ પહેલા ઠાકરે જૂથ સતત આ આરોપ લગાવતું રહ્યું છે કે શિંદે સમર્થકોને બળવા માટે ૫૦ કરોડ આપવામાં આવ્યા હતા.થોડા સમય પહેલા જ એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેનાના ૫૫માંથી ૪૦ ધારાસભ્યોએ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વની વિરૂદ્ધ બળવો કર્યો હતો. મૂળ શિવસેનામાંથી બળવો કરનારા ધારાસભ્યો પહેલા સુરત ગયા હતા અને ત્યારબાદ ગુવાહાટી પહોંચ્યા હતા. ત્યારબાદ રાજ્યમાં મહાવિકાસ આઘાડી સરકાર લઘુમતીમાં આવતા સત્તા ગુમાવી હતી. ઠાકરે ગ્રુપનો આરોપ છે કે ઠાકરેના નેતૃત્વની સામે ધારાસભ્યોને ૫૦-૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યા. ત્યારબાદ શિવસેનાના ૭૫ ટકાથી વધારે સાંસદ પણ શિંદે જૂથમાં જોડાયા, હવે ઠાકરે સમર્થક નેતા અને પૂર્વ સાંસદ ચંદ્રકાંત ખેરે નવો આરોપ લગાવતા કહ્યું કે આ સમર્થક નેતાઓ જે ફરી વાર ગુવાહાટી ગયા, તેમને ત્યાં ૫-૫ કરોડ રૂપિયા મળ્યા.શિંદે જૂથમાં આવતા શિવસેનાના સાંસદોમાં પહેલું નામ તેમના પુત્ર શ્રીકાંત શિંદેનું છે, જે કલ્યાણના સાંસદ છે.

આ ઉપરાંત રામટેકથી રામકૃપાલ તુમાને, હિંગોલીના હેમંત પાટીલ, શિરડીથી સદાશિવ લોખંડે, યવતમાલથી ભાવના ગવળી, દક્ષિણ-મધ્ય મુંબઈથી રાહુલ શેવાળે, બુલઢાણાથી પ્રતાપરાવ જાધવ, પાલઘરથી રાજેન્દ્ર ગાવિત, નાસિકથી હેમંત ગોડસે, શ્રીરંગ બારણે માવલ અને થાણેથી રાજન વિચારેના નામ ગણાવાઈ રહ્યાં છે.

## કાશ્મીર મુદ્દાનો ઉકેલ આવશે નહીં ત્યાં સુધી સરકાર સકારાત્મક પરિણામ જોઈ શકશે નહીં : મુફતી

શ્રીનગર,તા.૨

પીડીપીના વડા મહબુબા મુફતીને અનંતનાગરનું મકાન ખાલી કરવાની નોટીસ મળી છે.ત્યારબાદ મહબુબા મુફતીનું વલણ સરકાર તરફ વધુ કડક બની ગયું છે.મુફતીએ કહ્યું કે જમમ્મુ કાશ્મીરમાં ભલે ગમે તેટલા સૈનિક તહેનાત કરવામાં આવે પરંતુ જ્યાં સુધી કાશ્મીર મુદ્દાનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી સરકાર સકારાત્મક પરિણામ જોઈ શકશે નહીં આ સાથે જ તેમણે કહ્યું કે અમે દેશને ભાજપનું ભારત બનવા દઈશું નહીં મુફતીએ મહાત્મા ગાંધી અને પૂર્વ જવાહરલાલ નહેરૂના ભારતનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેઓ તે ભારતની વાત કરે છે જેને નહેરૂના પપૌત્ર રાહુલ ગાંધી શોધી રહ્યાં છે.

મુફતીએ એક રેલીને સંબોધીત કરતા ભાજપ પર આરોપ લગાવ્યો કે તેમને દગો આપવામાં આવ્યું છે. મુફતીએ કહ્યું કે અમે દેશને ભાજપનું ભારત બનવા દઈશું નહીં જમ્મુ કાશ્મીરમાં ભલે ગમે તેટલા પણ સૈનિક તહેનાત કરવામાં આવે જયાં સુધી કાશ્મીરનો મુદ્દો ઉકેલાશે નહીં ત્યાં સુધી સરકાર યોગ્ય પરિણામ જોઈ શકશે નહીં મુફતી અહીં જ અટકયા નહીં મુફતીએ વિધાનસભા ભંગ થવા પર પણ કેન્દ્ર સરકારની ટીકા કરી અને કહ્યું કે જો પંચાયત ચુંટણી આટલી સારી છે તો તમે વરિષ્ઠ પદો પર શું કરી રહ્યાં છો નીચે પંચાયતમાં આવો

પૂર્વ મુખ્યમંત્રી મુફતીએ એકવાર ફરી કોંગ્રેસથી પોતાની નજીકતા જાહેર કરતા મહાત્મા ગાંધી અને નહેરૂના સહારે રાહુલ ગાંધીની ખુબ પ્રશંસા કરી મુફતીએ કહ્યું કે હું તે ભારતની વાત કરી રહી છું જેને મહાત્મા ગાંધીના પપુત્રો તુષાર ગાંધી અને જવાહરલાલ નહેરૂના પ્રપૌત્ર રાહુલ ગાંધી આજે શોધી રહ્યાં છે હું તે ભારતની વાત કરૂ છું જેને નહેરૂ અને ગાંધીએ એક સાથે બનાવ્યું હતું.

# સિદ્ધુ મુસેવાલાની હત્યાના માસ્ટરમાઈન્ડ ગોલ્ડી બરારને અમેરિકાના કેલિફોર્નિયામાં અટકાયત

ચંડીગઢ,તા.૨

પંજાબી સિંગર સિદ્ધુ મુસેવાલાની હત્યાના માસ્ટરમાઈન્ડ ગોલ્ડી બરારને અમેરિકાના કેલિફોર્નિયામાં અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને પૂછપરછ કરાઈ હતી. સૂત્રોના જણાવ્યાં મુજબ ગોલ્ડીને ૨૦ નવેમ્બરના રોજ ડિટેન કરાયો હતો. બીજી બાજુ ભારત સરકારે પણ ગોલ્ડી બરારના પ્રત્યાર્પણની તૈયારીઓ તેજ કરી છે.



પંજાબી સિંગર સિદ્ધુ મુસેવાલાની હત્યાના માસ્ટરમાઈન્ડ ગોલ્ડી બરારને અમેરિકાના કેલિફોર્નિયામાં અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને પૂછપરછ કરાઈ હતી. સૂત્રોના જણાવ્યાં મુજબ ગોલ્ડીને ૨૦ નવેમ્બરના રોજ ડિટેન કરાયો હતો. બીજી બાજુ ભારત સરકારે પણ ગોલ્ડી બરારના પ્રત્યાર્પણની તૈયારીઓ તેજ કરી છે. સૂત્રોના જણાવ્યાં મુજબ ગોલ્ડી બરારની એફબીઆઈએ પૂછપરછ કરી છે. તે કેનેડાથી અમેરિકા આવ્યો છે અને ડ્રગ્સનો કારોબાર કરી રહ્યો છે. અનેક વારદાતોમાં પણ તેનું નામ સામેલ છે. છેલ્લે મળતી માહિતી મુજબ હાલ ગોલ્ડી બરાર અટકાયતમાં નથી.

ગોલ્ડી બરારે પંજાબી સિંગર સિદ્ધુ મુસેવાલાની ધોળે દિવસે થયેલી હત્યાની જવાબદારી લીધી હતી. સતિંદરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બરાર પંજાબના શ્રીમુક્તસર સાહિબનો રહીશ છે. તે વર્ષ ૨૦૧૭માં સ્ટુડન્ટ વિઝા પર કેનેડા ગયો હતો. તે લોરેન્સ બિશ્નોઈ ગેંગનો એક્ટિવ મેમ્બર પણ છે. ગત મહિને ડેરા સચ્ચા સોદાના અનુયાયીની હત્યામાં પણ તેનો હાથ હતો.

મુસેવાલાના પિતાએ કેન્દ્ર સરકારને ભલામણ કરી હતી કે બરારને પકડવા માટે જે વ્યક્તિ માહિતી આપશે તેને તેઓ બે કરોડ રૂપિયા ઈનામ આપવામાં આવે. તેના એક દિવસ બાદ ગોલ્ડી બરાર અંગે આ જાણકારી સામે આવી છે. બલકૌર સિંહે કહ્યું હતું કે જો સરકાર આટલી મોટી રકમ આપવામાં તો સક્ષમ ન હોય તો તેઓ પોતાના ખિસ્સામાંથી આ રકમ આપી શકે છે. નોંધનીય છે કે શુભદીપ સિંહ ઉર્ફે સિદ્ધુ મુસેવાલાની ૨૯મી મેના રોજ પંજાબના મનસા જિલ્લામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. લોરેન્સ બિશ્નોઈ ગેંગે તેની હત્યાની જવાબદારી લીધી હતી.

પંજાબ સરકાર પર આરોપ લગાવતા બલકૌર સિંહે કહ્યું હતું કે સિદ્ધુ મુસેવાલાના નિધન બાદ પણ સરકાર ૨ કરોડ રૂપિયાનો ઈનકમ ટેક્સ વસૂલી રહી છે જે મારો પુત્ર દર વર્ષે ભરતો હતો. તેમણે કહ્યું હતું કે સરકારે તે વ્યક્તિ માટે ૨ કરોડ રૂપિયા ઈનામ જાહેર કરવું જોઈએ જે ગોલ્ડી બરારને પકડવામાં મદદ કરે.

# બંને ડેપ્યુટી મુખ્યમંત્રીને આપી ખુલ્લી ઓફર,કહ્યું ૧૦૦ ધારાસભ્યો લાવો અને મુખ્યમંત્રી બનો

લખનૌ,તા.૨

સમાજવાદી પાર્ટી (એસપી)ના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું ક યુપીના બંને નાયબ મુખ્યમંત્રી રાજ્યના મુખ્યમંત્રી બનવા માંગે છે. તેમણે કહ્યું, અમે તો તેમને ખુલ્લી ઓફર કરી છે કે ૧૦૦ ધારાસભ્યો લઈ આવો, અમે સમર્થન કરીશું. મુખ્યમંત્રી તમે બની જાજો, અમે બહારથી સમર્થન આપીશું. અખિલેશે રામપુર વિધાનસભા બેઠક પર યોજાનારી પેટાચૂંટણીને લઈને સપાના ઉમેદવારના સમર્થનમાં ચૂંટણી સભાને સંબોધિત કરતા આ વાત કહી.

સપાના વડાએ કહ્યું કે એક નાયબ મુખ્યમંત્રીની સ્થિતિ એવી છે કે તેઓ ડૉક્ટરની બદલી પણ નથી કરી શકતા. બીજા ડેપ્યુટી મુખ્યમંત્રીના વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેમને એવો વિભાગ આપવામાં આવ્યો છે, જેમાં બજેટ જ નથી. તેમણે કહ્યું કે, જ્યારે હું ઝસહતો તે સમયે હાલના જેસીએમ છે, તેમની એક ફાઈલ મારી પાસે આવી હતી, જેમાં તેમની સામે કેસની ભલામણ કરવામાં આવી હતી. મેં તે ફાઈલ પરત કરી દીધી હતી. જો કોઈને વિશ્વાસ ન હોય તો પૂછી લેજો તે સમયના અધિકારીઓને. અમે સમાજવાદી લોકો બદલાની ભાવનાથી કામ કરતા નથી.અખિલેશે કહ્યું કે પંચાયતની ચૂંટણીમાં જનતાએ જે લોકોને હારાવ્યા હતા, તે પણ બેઈમાની કરીને ખુરશી પર બેસી ગયા. વિધાનસભાની ચૂંટણીમાં પણ જનતાએ સમાજવાદી સરકાર બનાવવા માટે મતદાન કર્યું હતું, પરંતુ જેમની સભાઓમાં ખુરશીઓ ખાલી રહેતી હતી, તે તમામ વિવિધ યુક્તિઓ અપનાવીને સત્તા પર આવી ગયા. અખિલેશે કહ્યું, તમે લોકો રામપુર પેટાચૂંટણીમાં સમાજવાદી પાર્ટીને જીત અપાવો. ૨૦૨૪માં પરિવર્તન આવશે. તે પછીૅમાં ભાજપની સરકાર નહીં ટકી શકે. તેમણે કહ્યું કે રામપુર પેટાચૂંટણી માત્ર એક વિધાનસભા ચૂંટણી નથી. આ ભાજપ સરકારને હલાવવાની ચૂંટણી છે. સત્તામાં બેસીને જે લોકો અન્યાય કરી રહ્યા છે, તે લોકો આપણને એટલા મજબુર ન કરી દે કે જ્યારે અમે સરકારમાં આવીએ ત્યારે અમારે પણ તેવા જ પગલાં લેવા પડે જે આ લોકો કરી રહ્યા છે.તેમણે કહ્યું કે ભાજપ સરકાર દરેક સ્તરે અન્યાય અને અત્યાચાર કરી રહી છે. લખીમપુર ખીરીમાં ભાજપના નેતાઓ અને કાર્યકરોએ ખેડૂતો પર ગાડીઓ ફેરવી દીધી હતી. ભાજપના લોકો પોતાના હક માટે લડી રહેલા ખેડૂતોના જીવ લીધા. તે આપણા શીખ ભાઈઓ અને ખેડૂતોની તાકાત હતી, જેમની આગળ પ્રધાનમંત્રીએ નમવું પડ્યું અને ત્રણેય કાળા કૃષિ કાયદાને પાછા ખેંચવા પડ્યા હતા.તો ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી મોહમ્મદ આઝમ ખાને કહ્યું, મેં રામપુરને ઘણી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે. અહીં યુનિવર્સિટી બનાવી, ગરીબોના બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા કરી, પરંતુ આજે સરકારે રામપુરને છાવણીમાં ફેરવી દીધું છે. શેરીઓમાં પોલીસ ફરે છે અને લોકોને ડરાવવામાં આવે છે. તેમણે લોકોને અપીલ કરી કે પોતાના હક અને સન્નમાન માટે અન્યાય અને અત્યાચાર સામે મતદાન કરે.

# ઈસરો વૈજ્ઞાનિક નામ્બી નારાયણન કેસ :કેરળ હાઈકોર્ટના ભૂતપૂર્વ ડીજીપી સહિત ૪ના આગોતરા જામીન આપવાના હુકમને રદ કર્યો

કોચ્ચી,તા.૨

૧૯૯૪માં ભારતીય અવકાશ સંશોધન સંસ્થામાં વૈજ્ઞાનિક નામ્બી નારાયણનને કથિત રીતે ફસાવવાના કેસમાં સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ પોલીસ મહાનિર્દેશક સહિત ચાર લોકોને આગોતરા જામીન આપવાનો ઈનકાર કર્યો છે. આમ, વૈજ્ઞાનિક જાસૂસી કેસમાં કેરળ હાઈકોર્ટે શુક્રવારે આપેલા આદેશને સુપ્રિમ કોર્ટે રદ કર્યો હતો. જસ્ટિસ એમ.આર.શાહ અને સીટી રવિકુમારની ખંડપીઠે આ મામલાને હાઈકોર્ટમાં પાછો મોકલ્યો હતો અને ચાર અઠવાડિયામાં આ મુદ્દે નિર્ણય લેવા નિર્દેશ આપ્યો હતો.



સુપ્રિમની બેન્ચે કહ્યું, ×આ તમામ અપીલો સ્વીકારવામાં આવે છે. હાઈકોર્ટે આપેલા આગોતરા જામીન આપવાનો હુકમ રદ કરવામાં આવ્યો છે. તમામ કેસો તેમની યોગ્યતાઓ પર નવેસરથી નિર્ણય લેવા માટે હાઈકોર્ટમાં પાછા મોકલવામાં આવે છે. આ સાથે સુપ્રિમ કોર્ટે કોઈપણ પક્ષની યોગ્યતાઓ પર કોઈ ટિપ્પણી કરી નથી.સુપ્રિમની બેન્ચે કહ્યું, ×આખરે હાઈકોર્ટે આદેશ પસાર કરવો પડશે. અમે હાઈકોર્ટને વિનંતી કરીએ છીએ કે આ આદેશની તારીખથી ચાર અઠવાડિયામાં વહેલામાં વહેલી તકે આગોતરા જામીન અરજીઓ પર નિર્ણય લેવામાં આવે.”

સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટની રજિસ્ટ્રીને આજથી એક સપ્તાહની અંદર સંબંધિત બેંચ સમક્ષ જામીન અરજીઓ અંગે સૂચના આપવાનો નિર્દેશ આપ્યો હતો. “ત્યાં સુધી, વચગાળાની વ્યવસ્થા તરીકે અને અધિકારોના પૂર્વગ્રહ વિના, નિર્દેશ આપવામાં આવે છે કે પાંચ અઠવાડિયાના સમયગાળા માટે અને જ્યાં સુધી હાઈકોર્ટ દ્વારા જામીન અરજીઓની કસ્ટડી અંગેનો અંતિમ નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી, પ્રતિવાદીઓની ધરપકડ કરી શકાતી નથી. તપાસમાં સહકારને આધીન.”નામ્બી નારાયણને ઈસરોમાં મહત્વપૂર્ણ સંશોધન અને અવકાશ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન કર્યું છે. પરંતુ, વૈજ્ઞાનિક એક ષડયંત્રના શિકાર બની ગયા છે. ૧૯૯૪માં વૈજ્ઞાનિક પર ભ્રષ્ટાચાર સહિત પાકિસ્તાન માટે જાસૂસી કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. વૈજ્ઞાનિક પર રોકેટ-સેટેલાઈટ સાથે જોડાયેલી ગુપ્ત માહિતી લિક કરવાનો આરોપ લાગ્યો છે. આવા આરોપ હેઠળ વૈજ્ઞાનિકને ઘણા દિવસો સુધી જેલવાસ ભોગવવો પડયો હતો.

આ નિર્ણય ગુજરાતના ભૂતપૂર્વ પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) આરબી શ્રીકુમાર, કેરળના બે ભૂતપૂર્વ પોલીસ અધિકારીઓ એસ વિજયન અને ટી.એસ. દુર્ગા દત્ત અને પીએસ જયપ્રકાશ, એક નિવૃત્ત ગુપ્તચર અધિકારી, સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા જામીન આપવાના હાઈકોર્ટના આદેશ સામે અપીલ પર આવ્યા હતા.

## મની લોન્ડરિંગ કેસમાં ઈડીની કાર્યવાહીઃ બરતરફ આઈએએસ પૂજા સિંઘલની ૮૨.૭૭ કરોડની સંપત્તિ ટાંચમાં, જૂનમાં થઈ હતી ધરપકડ

રાંચી,તા.૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ટીમએ મનરેગા કૌભાંડ, ગેરકાયદે માઈનિંગ અને મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા આઈએએસ પૂજા સિંઘલની ૮૨.૭૭ કરોડ રૂપિયાની અચલ સંપત્તિ ટાંચમાં લઇ લીધી છે. ઈડીની ટીમે રાંચી સ્થિત પલ્સ હોસ્પિટલ સહિત અન્ય અનેક અચલ સંપત્તિ જપ્ત કરી લીધી છે.

ઈડીએ જણાવ્યું હતું કે, બરતરફ કરાયેલા આઈએએસ અધિકારી પૂજા સિંઘલની જપ્ત અચલ સંપત્તિનું બજાર મૂલ્ય લગભગ ૮૨.૭૭ કરોડ છે. તેમાં એક સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ (પલ્સ સુપર સ્પેશિયાલિટી), એક ડાયગનોસ્ટિક સેન્ટર (પલ્સ ડાયગ્નોસ્ટિક એન્ડ ઈમેજિંગ સેન્ટર) અને રાંચીમાં જમીનના બે પ્લોટ સામેલ છે. ૧૮.૦૬ કરોડ રૂપિયાનું મનરેગા કૌભાંડ એ સમયે થયું છે જ્યારે પૂજા સિંઘલ ખૂંટી જિલ્લામાં ડેપ્યુટી કમિશનર હતાં.

તે વિભિન્ન ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ માટે રકમ મેળવનાર પ્રમુખ અધિકારી હતાં. ઈડીએ પાંચ મેના રોજ પૂજા સિંઘલના અનેક વિસ્તારોમાં દરોડા પાડયા હતાં. આ દરમિયાન ઈડીએ મોટા પ્રમાણમાં રોકડ જપ્ત કરી હતી.ઉલ્લેખનીય છે કે, ઈડીએ પૂજા સિંઘલની પૂછપરછ કરી હતી અને સિંઘલની ધરપકડ કરી લીધી હતી.

ઈડીએ પૂજાના પતિ અભિષેક કુમાર ઝા, ચાર્ટડ એકાઉન્ટન્ટ સુમન કુમાર સિંહ ઉપરાંત ખૂંટી જિલ્લાના એન્જિનિયરો અને અધિકારીઓ રામ વિનોદ સિંહા, જય કિશોર ચૌધરી, શશિ પ્રકાશ અને રાજેન્દ્ર કુમાર જૈનની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

# જેએનયુમાં દીવાલ પર લખાયું ‘બ્રાહ્મણ-વાણિયાઓ પાછા જાઓ, અમે આવી રહ્યા છીએ

## ઉશ્કેરણીજનક સૂત્રો લખવાના મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

નવીદિલ્હી,તા.૨

જવાહર નહેરુ યુનિવર્સિટીની દિવાલો પર બ્રાહ્મણો અને વાણિયા વિરુદ્ધ જાતિવાદી સૂત્રો લખવામાં આવ્યા બાદ વિવાદ ખુબ જ વધી ગયો છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર શાંતિશ્રી ડી પંડિતે આ મામલાને ખુબ ગંભીરતાથી લઈને તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. જેએનયુ વહીવટીતંત્રે પણ આ ઘટનાની સખત ટિકા કરતા કહ્યું કે, ‘કેમ્પસમાં આવી અલગતાવાદી ગતિવિધિઓને બિલકુલ સાંખી લેવામાં નહી આવે. જેએનયુ બધાનું છે કોઈ એક જ્ઞાતિ કે ધર્મના લોકોનું નથી. જેએનયુ ટીચર્સ ફોરમે પણ આ ઘટના સામે રોષ વ્યક્ત કર્યો છે.

જેએનયુના વાઈસ ચાન્સેલર શાંતિશ્રી ડી પંડિતે સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝના ડીન અને ફરિયાદ સમિતિને તપાસ તાકીદે પૂર્ણ કરવા અને વહેલામાં વહેલી તકે તેનો રિપોર્ટ સોંપવાનો આદેશ આપ્યો છે. જેએનયુ રજિસ્ટ્રાર ઓફિસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે જેએનયુનો અર્થ સમાવેશકતા અને સમાનતા છે. જેએનયુ કેમ્પસમાં કોઈપણ પ્રકારની હિંસા પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિને જાળવી રાખે છે.

એ યાદ રહે કે ગુરુવાર,૧ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ, કેટલાક અજાણ્યા લોકોએ ત્વદ્રે કેમ્પસમાં વિવિધ સ્થળોએ દિવાલો પર બ્રાહ્મણ અને વણિક વિરોધી સૂત્રો લખ્યા હતા. કેટલાક સૂત્રો ખૂબ જ ઉશ્કેરણીજનક હતા – ‘બ્રાહ્મણ કેમ્પસ છોડો’, ‘અમે તમારા માટે આવી રહ્યા છીએ’, ‘શાખામાં પાછા જાઓ’, ‘અમે બદલો લઈશું’, ‘ખુનામરકી સર્જાશે’.

જેએનયુની દિવાલો પર લખાયેલા ઉશ્કેરણીજનક સૂત્રોની તસવીરો પણ સોશિયલ મીડિયા ઉપર વાયરલ થઈ રહી છે. જેએનયુ ટીચર્સ ફોરમે ટ્વિટર પર, ઉશ્કેરણીજનક લખાયેલા સૂત્રોના કેટલાક ફોટા પણ શેર કર્યા છે. પોસ્ટને શેર કરતા ટીચર્સ ફોરમે ટ્વિટર પર લખ્યું છે- ‘જયારે ડાબેરી-ઉદારવાદી ગેંગ દરેક અસંમત અવાજને દબાવવા-ડરાવવાનું કામ કરે છે, ત્યારે તેઓ એક એવા ઈઝ પ્રતિનિધિને પસંદ કરવાની પણ અપીલ કરે છે જે પરસ્પર સન્માન, નાગરિક મૂલ્યો સ્થાપિત કરે અને બધાને સમાન વ્યવહાર આપે. ગુંડાગીરીનું આવુ વલણ અત્યંત નિંદનીય છે.

આરએસએસની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના જેએનયુના પ્રમુખ રોહિત કુમારે કહ્યું, ‘સામ્યવાદીઓએ જેએનયુની એસઆઈએસ-૨ બિલ્ડિંગની દિવાલો પર આ ઉશ્કેરણીજનક સૂત્રો લખ્યા છે. મુક્ત વિચારવાળા પ્રોફેસરોને ઉશ્કેરવા માટે કેટલાકે તેમની ચેમ્બર પર ઉશ્કેરણીજનક સૂત્રો પણ લખ્યા છે. શૈક્ષણિક સ્થળોનો ઉપયોગ શિક્ષણ અને ચર્ચા માટે થવો જોઈએ. સમાજ અને વિદ્યાર્થી સમુદાયમાં ઝેર ફેલાવવા માટે નહી

### મુંબઈમાં ૧ મહિનાનો કર્ફ્યૂ લાગ્યો, શહેરમાં કલમ ૧૪૪ લાગૂ,

## ૨ જાન્યુઆરી ૨૦૨૩ સુધી શહેરમાં હથિયારો, ફાયર આર્મ્સ, તલવારો અને અન્ય હથિયારો પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે

મુંબઈ,તા.૨

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં અચાનક કલમ ૧૪૪ લાગૂ કરવાનું એલાન કર્યું છે. શહેરમા શાંતિ જાળવવા માટે અને સાર્વજનિક વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારની ખલેલ ન પહોંચ તેના માટે મુંબઈ પોલીસે ૪ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી સુધી શહેરમાં કલમ ૧૪૪ લાગૂ કરી દીધી છે. આ દરમિયાન પાંચ અથવા તેનાથી વધારે લોકો એક સાથે એક જગ્યા પર એકઠા થઈ શકશે નહીં.

મુંબઈ પોલીસ દ્વારા તાજેતરમાં જાહેર કરેલા આદેશ મુજબ, ૪ ડિસેમ્બર ૨૦૨૨થી ૨ જાન્યુઆરી ૨૦૨૩ સુધી શહેરમાં હથિયારો, ફાયર આર્મ્સ, તલવારો અને અન્ય હથિયારો પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. એટલું જ નહીં આ દરમિયાન જાહેર જગ્યા પર નારા, પ્રદર્શન અને ગીત સાથે પ્રદર્શન કરવા પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

આટલા પ્રતિબંધો લાગૂ થશે

લાઉડસ્પીકર, વાદ્ય યંત્ર અને બેન્ડવાજા અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

તમામ પ્રકારના વિવાહ સમારંભ, અંતિમ સંસ્કાર સભાઓ, કબ્રસ્તાનોના રસ્તા પર જૂલૂસ, કંપનીઓ, ક્લબ, સહકારી સમિતિઓ અને અન્ય સંઘોના મોટા પાયે થતી બેઠકો પર રોક

સરકારી અથવા અર્ધ સરકારી કાર્ય કરનારા સરકારી કાર્યાલયો, કોર્ટ અને સ્થાનિક નિગમની આસપાસ ૫ અથવા તેનાથી વધારે લોકો એકઠા થઈ શકશે નહીં.

ક્લબ-થિયેટર અથવા સાર્વજનિક મનોરંજનની જગ્યાની આસપાસ અથવા કોઈ પણ સ્થાન પર મોટા પાયે લોકોને એકઠા થવા પર રોક, નાટકો અથવા કાર્યક્રમો, કૃત્યોને જોવાના ઉદ્દેશ્યથી એકઠા થવા પર રોક.

કોર્ટ અને સરકારી કાર્યાલયોની આસપાસ અને સરકારી અથવા અર્ધ સરકારી કાર્યવાળા એકમોની લોકો એકઠા થઈ શકશે નહીં.

શૈક્ષણિક ગતિવિધિઓ માટે સ્કૂલ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો કરવા પર પ્રતિબંધ લાગેલો રહેશે.

કારખાનાના સામાન્ય વ્યવસાય માટે બેઠક પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે.દુકાનો તથા પ્રતિષ્ઠાનો અથવા વ્યવસાય સાથે જોડાયેલી બેઠકો અને સભાઓ તથા જૂલૂસોના પ્રદર્શન પણ પ્રતિબંધ લગાવી દીધો છે.

# રાજસ્થાનમાં સ્વેચ્છાથી આપવામાં આવેલા રાજીનામાં પર વિધાનસભા અધ્યક્ષે નિર્ણય લેવો જોઈએ

જયપુર,તા.૨

ભારત જોડો યાત્રા‘ના રાજસ્થાન પહોંચવા અગાઉ રાજસ્થાન કોંગ્રેસમાં ધમાસાણ મચી શકે છે. ભારતીય જનતા પાર્ટીએ હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી છે કે રાજસ્થાન કોંગ્રેસના મંત્રીઓનો દાવો છે કે તેમની પાર્ટીના ૯૦ કરતા વધુ ધારાસભ્ય રાજીનામું આપી ચૂક્યા છે, પરંતુ ૩ દિવસ વીતવા છતા પણ રાજીનામાં પર વિધાનસભાના અધ્યક્ષે નિર્ણય લીધો નથી. રાજસ્થાન હાઈ કોર્ટમાં રાજયના ઉપ નેતા પ્રતિપક્ષ રાજેન્દ્ર રાઠોડે અરજીમાં કહ્યું કે, નિયમ મુજબ, સ્વેચ્છાથી આપવામાં આવેલા રાજીનામાં પર વિધાનસભા અધ્યક્ષે નિર્ણય લેવો જોઈએ.

રાજેન્દ્ર રાઠોડે આજની સુનાવણીમાં પોતે આ બાબતે પેરવી કરશે. મધ્ય પ્રદેશ બાદ કોંગ્રેસની ભારત જોડો યાત્રનો આગામી પડાવ રાજસ્થાન છે. તેને લઈને તૈયારીઓ પણ જોર શોરથી ચાલી રહી છે, પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં પાર્ટીની અંદર જ રાજસ્થાનમાં બની રહેલા રાજકીય માહોલે હાઈકમાનનું ટેન્શન વધારી દીધું છે. મુખ્યમંત્રી અશોક ગેહલોત અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટના અણબનાવના સમાચારો વચ્ચે એક બેઠક પણ આયોજિત થઈ ચૂકી છે.

હાલમાં જ મુખ્યમંત્રી અશોક ગેહલોતે સચિન પાયલટને ગદ્દાર કહી દીધા હતા. તેમણે કહ્યું કે, તેઓ (પાયલટ) ક્યારેય રાજયના મુખ્યમંત્રી નહીં બની શકે. ધારાસભ્ય કોઈ એવાને કઈ રીતે સ્વીકારી શકે છે, જેમણે બળવો કર્યો હોય. જેને ગદ્દાર કરાર આપ્યો હોય. તેઓ મુખ્યમંત્રી કઈ રીતે બની શકે છે? ધારાસભ્ય એવા વ્યક્તિને મુખ્યમંત્રીના રૂપમાં કઈ રીતે સ્વીકારી શકે છે. મારી પાસે પુરાવા છે કે ધારાસભ્યોને ૧૦-૧૦ કરોડ રૂપિયા વહેંચવામાં આવ્યા હતા, જેથી રાજસ્થાનમાં કોંગ્રેસ સરકાર પાડી શકાય.અશોક ગેહલોતના નિવેદન પર સચિન પાયલટની પ્રતિક્રિયા આવી હતી. તેમણે કહ્યું હતું કે, મેં અશોક ગેહલોતની વાત સાંભળી. પહેલા પણ તેમણે મારી વિરુદ્ધ ઘણી વાતો બોલી છે. આ પ્રકારના જુઠ્ઠા અને પાયાવિહોણા આરોપ લગાવવાની આજે જરૂરિયાત નથી. આજે જરૂરિયાત એ વાતની છે કે અમે કઈ રીતે પાર્ટીને મજબૂત કરીએ. પાયલટે આમ પણ કહ્યું હતું કે, ગેહલોત સીનિયર અને અનુભવી નેતા છે. મને ખબર નથી કે કોણ તેમને મારી બાબતે જુઠ્ઠા અને પાયાવિહોણા આરોપ લગાવવાની સલાહ આપી રહ્યું છે.

# દિલ્હીની એમસીડી ચૂંટણીનો પ્રચારનો ઘોંઘાટ બંધ થયો,’નાની સરકાર’ને ચૂંટવા માટે રવિવારે મતદાન થશે

નવીદિલ્હી,તા.૨

દિલ્હીની એમસીડી ચુંટણીનો પ્રચારનો ઘોંઘાટ આજે બંધ થયો છે જો કે ઉમેદવારો કોઈ પણ જાતની તાલમેલ વિના મતદારો સુધી પહોંચી શકશે. આમ ઉમેદવારો પાસે મતદારોને રીઝવવા માટે ઓછો સમય છે. ૪ ડિસેમ્બરે મતદાન થશે. પ્રચારના અંતિમ દિવસે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓએ જાહેર સભાઓ કરી હતી એમસીડી ચૂંટણીના ઈતિહાસમાં આ ત્રીજી વખત છે જ્યારે ઉમેદવારો મતદાન દિવસ પહેલા પ્રચાર કરી શકશે નહીં.

૧૯૯૭, ૨૦૦૨ અને ૨૦૦૭ની ચૂંટણીમાં ઉમેદવારો મતદાનના આગલા દિવસની સાંજ સુધી સામાન્ય દિવસોની જેમ પ્રચાર કરી શકતા હતા, પરંતુ અગાઉની ચૂંટણીની જેમ આ વખતે પણ દિલ્હી રાજય ચૂંટણી પંચે શાંતિપૂર્ણ મતદાનને ટાંકીને લોકપ્રચાર રદ કર્યો છે. સભા અને વિધાનસભાની ચૂંટણી.ચૂંટણીની જેમ એક દિવસ પહેલા ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આ વખતે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં જે દ્રશ્ય છે તે કદાચ પહેલા ક્યારેય નહોતું. કોર્પોરેશનમાં પોતાની સત્તા જાળવી રાખવા ભાજપે ક્યારેય આટલી શક્તિનો ઉપયોગ કર્યો ન હતો. ભાજપના મંત્રીઓ અને મુખ્યમંત્રી કાઉન્સિલર ઉમેદવારોના પ્રચાર માટે અને તેમના વતી મત માંગવા શેરીઓમાં સભાઓ કરી રહ્યા હતાં આપ તેના કામના આધારે કોર્પોરેશનની સત્તામાં ખાડો પાડવા માંગે છે જ્યારે ભાજપ તેના પર આરોપોનો વરસાદ કરીને તેની પકડ જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી છે. અભિયાન હવે અંતિમ તબક્કામાં છે. ધામધૂમથી પ્રચાર કરવાનો સમય આજે સાંજે ૫ વાગ્યા સુધીનો છે. આવી સ્થિતિમાં કોઈપણ પક્ષ કોઈ કસર છોડવા માંગતો નથી. પ્રચારના છેલ્લા તબક્કામાં ભાજપનો પ્રચાર આક્રમક બન્યો હતો.

દિલ્હીમાં એમસીડી ચૂંટણીના કારણે શુક્રવાર સાંજથી રવિવાર સાંજ સુધી દારૂની દુકાનો બંધ રહેશે. આ પછી, ૭ ડિસેમ્બર, બુધવારે પણ ડ્રાય ડે રહેશે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ડ્રાય ડે જાહેર કરવામાં આવ્યો છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૫૦ વોર્ડ માટે ૪ ડિસેમ્બર, રવિવારના રોજ મતદાન થશે. મતગણતરી ૭ ડિસેમ્બરે થશે. દિલ્હી એક્સાઈઝ ડિપાર્ટમેન્ટે કહ્યું કે ૭ ડિસેમ્બરે મતગણતરીનાં દિવસે દારૂના વેચાણ પર પ્રતિબંધ રહેશે.આ સિસ્ટમ મુજબ આવતીકાલે સાંજે ૫ વાગ્યાથી દિલ્હીમાં દારૂની દુકાનો પર તાળા લટકી જશે.

## યુએનમાં મહાત્મા ગાંધીની પ્રતિમા સ્થાપિત થશે, વિદેશ મંત્રી એસ જયશંકર ૧૪ ડિસેમ્બરે ઉદ્‌ઘાટન કરશે

નવીદિલ્હી,તા.૨

વિદેશ મંત્રી એસ જયશંકર અને યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ ૧૪ ડિસેમ્બરે સંયુક્ત રાષ્ટ્રમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું ઉદ્‌ઘાટન કરશે.વિદેશ મંત્રી એસ જયશંકર અને યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ ૧૪ ડિસેમ્બરે સંયુક્ત રાષ્ટ્રમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું ઉદ્‌ઘાટન કરશે.તે શક્તિશાળી ૧૫-રાષ્ટ્રોની સુરક્ષા પરિષદના ભારતના પ્રમુખપદ દરમિયાન યુએન હેડક્વાર્ટર ખાતે મહાત્માના આગમનને ચિહ્નિત કરશે.

ભારતે ગુરુવારે સુરક્ષા પરિષદનું માસિક ફરતું પ્રમુખપદ સંભાળ્યું, ઓગસ્ટ ૨૦૨૧ પછી બીજી વખત જ્યારે ભારત ચૂંટાયેલા યુએનએસસી સભ્ય તરીકે તેના બે વર્ષના કાર્યકાળ દરમિયાન કાઉન્સિલની અધ્યક્ષતા કરી રહ્યું છે. મહાત્મા ગાંધીની પ્રતિમા યુનાઈટેડ નેશન્સ બિલ્ડીંગના ×પ્રતિષ્ઠિત× ઉત્તર લૉનમાં મૂકવામાં આવશે, જે પ્રથમ વખત યુએનએચકયુ ખાતે મહાત્માની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે.

પ્રખ્યાત ભારતીય શિલ્પકાર પદ્મશ્રી પુરસ્કાર વિજેતા રામ સુતાર દ્વારા બનાવવામાં આવેલ આ પ્રતિમા, જેમણે ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી‘ પણ ડિઝાઈન કરી હતી, તે ભારત તરફથી ભેટ હશે અને તે યુએન હેડક્વાર્ટરમાં સ્થાપિત કરવામાં આવશે, જે વિશ્વભરમાંથી ભેટો અને કલાકૃતિઓ ગર્વથી રાખે છે.

## મારા પિતા ઈચ્છતા હતા કે હું તેઓ જેમ કહે એમ કરું. હું એવું ઈચ્છતો નહોતો : ઓસામાનો પુત્ર ઉમર

**મેં મારી પોતાની આંખોથી જોયું છે. મારા પાલતું કૂતરા પર કેમિકલ વેપન ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. મને એ બિલકુલ ગમ્યું નહીં.**



લંડન,તા.૨

આતંકી સંગઠન અલ-કાયદાનો લીડર ઓસામા બિલ લાદેન પાલતું શ્વાન પર કેમિકલ હથિયારોનું પરીક્ષણ કરતો હતો. આ વાતનો ઘટસ્ફોટ તેના દીકરા ઉમરે કર્યો છે. એટલું જ નહીં, એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાને ઓસામાનો શિકાર ગણાવ્યો હતો.

બ્રિટિશ પેપર ‘ધ સન‘ અનુસાર, કતારમાં ઓસામાના સૌથી મોટા દીકરા ઉમરે કર્યું- મારા પિતા ઈચ્છતા હતા કે હું તેઓ જેમ કહે એમ કરું. હું એવું ઈચ્છતો નહોતો. અમે અફઘાનિસ્તાનમાં રહેતા હતા ત્યારે તેઓ મને હથિયાર ચલાવવાની ટ્રેનિંગ આપતા હતા. તેમણે અમારા પાલતું શ્વાન પર કેમિકલ હથિયારનું પરીક્ષણ કર્યું હતું.

પ્રાણીઓ પર થઈ રહેલા રાસાયણિક પ્રયોગો વિશે વાત કરતાં ઉમરે કહ્યું - મેં મારી પોતાની આંખોથી જોયું છે. મારા પાલતું કૂતરા પર કેમિકલ વેપન ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. મને એ બિલકુલ ગમ્યું નહીં. હું એના વિશે ખૂબ જ દુઃખી હતો. એ જોવાનું મારા માટે ખૂબ જ મુશ્કેલ હતું. હું બસ આ બધું ભૂલી જવા માગું છું. ઉમર ખૂબ નાનો હતો જયારે તેણે તેના પાલતું શ્વાન પર પ્રયોગ જોયો. તેણે કહ્યું કે પિતા ઓસામા તેને એકે-૪૭ અને રશિયન ટેક્ન કેવી રીતે ચલાવવી એ શીખવતા હતા.

૪૧ વર્ષનો ઉમર હાલ તેમનાં પત્ની જૈના સાથે ફ્રાન્સના નોરમૈડીમાં રહે છે. હાલ કતારના પ્રવાસે છે. આ દરમિયાન એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું- અમે ચાર ભાઈ છીએ. હું આતંકી દુનિયામાં રહેવા ઈચ્છતો નહોતો. મેં પિતા ઓસામાને ગુડબાય કહ્યું અને તેમણે મને ગુડબાય કહ્યું, પરંતુ મારા જવાને કારણે તેઓ ખુશ નહોતા. તેમણે ક્યારેય સીધી રીતે કહ્યું નહોતું કે હું અલ-કાયદામાં જોડાઉં, પરંતુ તેઓ હંમેશાં કહેતા હતા કે હું તેમનો ઉત્તરાધિકારી છું.અમેરિકાના ન્યૂયોર્કમાં ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના આતંકવાદી હુમલાના થોડા મહિના પહેલાં ઉમરે એપ્રિલ ૨૦૦૧માં અફઘાનિસ્તાન છોડી દીધું હતું.

ઉમરની પત્ની જૈનીએ કહ્યું- ઉમરનું નાનપણ અંધારામાં ગયું છે. આજે પણ તે આઘાતમાં છે. તે ખૂબ તણાવમાં છે. ક્યારેક-ક્યારેક તેમને પેનિક એટેક પણ આવે છે. વિશ્વાસ નથી કરી શકતા કે તેના પિતાએ ખોટાં કામ કર્યા છે. તે તેમના બાળપણને યાદ કરવા માગતા નથી, કારણ કે નાની ઉંમરે તેમણે તેના પિતાના કહેવા પર હથિયાર પકડ્યા હતા અને તેમના પાલતું પ્રાણીઓ પર થતા પ્રયોગો જોયા હતા. આ તસવીર ઉમર અને તેની પત્ની જૈનાની છે. ઉમર એક ચિત્રકાર છે. તેમનાં ચિત્રો ૮,૫૦૦ પાઉન્ડ એટલે કે ૮ કરોડથી વધુમાં વેચાય છે.

૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ ૧૯ આતંકીએ ૪ કોમર્શિયલ પ્લેન હાઈજેક કરી અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર અથડાવ્યા હતા. અમેરિકામાં આને ૯/૧૧ એટેકના નામથી ઓળખવામાં આવે છે. આ હુમલામાં ૯૩ દેશના ૨,૯૭૭ લોકોનાં મોત થયાં. ઉમરે બે મે, ૨૦૧૧ના રોજ કતારમાં હતો, ત્યારે તેમણે ખબર સાંભળી કે અમેરિકન નેવીએ તેમના પિતાની હત્યા કરી દીધી, જે પાકિસ્તાનના એક સુરક્ષિત ઘરમાં છુપાયેલા હતા. યુએસ નેવીએ બિન લાદેનના મૃતદેહને તેના મૃત્યુના ૨૪ કલાકની અંદર સુપર કેરિયર યુએસએસ કાર્લ વિન્સનથી દરિયામાં દફનાવ્યો હતો. ઉમરે કહ્યું- મને ખબર નથી કે તેમણે પિતા ઓસામાના મૃતદેહ સાથે શું કર્યું. તેઓ કહે છે કે તેમણએ તેમને સમુદ્રમાં ફેંકી દીધા, પણ હું માનતો નથી.

## બાકી દેશોને જે રીતે ઓઈલ વેચવામાં આવે છે તે કિંમતે જ તે પાકિસ્તાને પોતાનું ઓઈલ વેચશે

મોસ્કો,તા.૨

પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલ સહિત અનેક ચીજોના ભાવ આકાશે આંબી રહ્યા છે. જનતા હેરાન પરેશાન છે. શાહબાજ શરીફ પણ માથું ખંજવાળી રહ્યા છે કે આ મોંઘવારીને કેવી રીતે પહોંચવું. ભારતનું જોઈને શરીફ સરકારે પણ પોતાના પ્રતિનિધિ મંડળને રશિયા મોકલ્યું અને ભારતની જેમ સસ્તું તેલ આપવાનો આગ્રહ કર્યો. પરંતુ રશિયાએ પાકિસ્તાનને મોટો ઝટકો આપ્યો. રશિયાએ પાકિસ્તાનની માંગણી ઠુકરાવી દીધી અને કહ્યું કે તે બાકી દેશોને જે રીતે ઓઈલ વેચવામાં આવે છે તે કિંમતે જ તે પાકિસ્તાને પોતાનું ઓઈલ વેચશે.

રિપોર્ટ મુજબ પાકિસ્તાનના પેટ્રોલિયમ રાજ્યમંત્રી મુસાદિક મલિકના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ ૨૯ નવેમ્બરે રશિયા ગયું હતું. આ પ્રતિનિધિમંડળે બુધવારે રશિયાના અધિકારીઓ સાથે વાતચીતમાં સસ્તા ભાવે ઓઈલ આપવાનો આગ્રહ કર્યો. પાકિસ્તાની અધિકારીઓએ કહ્યું કે તેમને પણ ભારતની જેમ ભાવમાં ૪૦ ટકાની છૂટ સાથે ઓઈલ આપવું જોઈએ. રશિયાના અધિકારીઓએ પાકિસ્તાની પ્રતિનિધિમંડળની વાત તો ધ્યાનથી સાંભળી પણ કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો નહીં. ગુરુવારે રશિયાના અધિકારીઓએ ભારતની જેમ ભાવમાં ૪૦ ટકા ડિસ્કાઉન્ટ પર ઓઈલ વેચવાની માંગણી ફગાવી દીધી.

રશિયાએ પાકિસ્તાની ડેલિગેશનને સ્પષ્ટપણે કહ્યું કે જે ભાવે તે બીજા દેશોને પોતાનું ઓઈલ વેચે છે તે જ ભાવે તે પાકિસ્તાનને વેચશે. જો કે રશિયાએ સસ્તું ઓઈલ આપવાની પાકિસ્તાનની માંગણી પર વિચાર કરવાનું આશ્વાસન પણ આપ્યું. કહ્યું કે તે ડિપ્લોમેટિક રીતે આ અંગે તેને માહિતગાર કરશે. રશિયા તરફથી માંગણી ફગાવવામાં આવ્યા બાદ નિરાશ થયેલું ડેલિગેશન પાકિસ્તાન પરત ફર્યું.

અત્રે જણાવવાનું કે પાકિસ્તાન હાલ પેટ્રોલ-ડીઝલ સહિત તમામ ચીજોના સતત વધી રહેલા ભાવથી પરેશાન છે. પાકિસ્તાની ડેલિગેશનને આશા હતી કે ભારતની જેમ તેને પણ ૪૦ ટકા છૂટ સાથે ઓઈલ મળે તો તેમની ડગુમગુ અર્થવ્યવસ્થાને કઈક મદદ મળશે. પરંતુ તેમની આ ઈચ્છા પૂરી થઈ નહીં. બીજી બાજુ ભારત રશિયા પાસેથી સસ્તું ઓઈલ મેળવીને મોંઘવારીનો બોજ ઘટાડવામાં સફળ રહ્યું છે એટલું જ નહીં રશિયાના ઓઈલથી વેક્યુમ ગેસોલીન બનાવીને તે અમેરિકા અને પશ્ચિમી દશોને નિકાસ કરી વિદેશી મુદ્રા પણ કમાઈ રહ્યું છે.

## ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૨

# ગાંધીનગર(ઉ) મતદાર વિભાગના દિવ્યાંગ મતદારો તેમજ ૮૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો માટે ચૂંટણી તંત્ર દ્વારા ખાસ સાર્વજનિક વાહનની સુવિધા કરાશે

**ગાંધીનગર(ઉ) મતવિસ્તારમાં વાહન સુવિધાનો લાભ લેવા ઇચ્છતા જરૂરિયાતમંદ મતદારો તા. ૩ તથા ૪ ડિસેમ્બરના રોજ ફોન નંબર- (૦૭૯) ૨૩૨૫૯૦૭૪ પર નોંધણી કરાવી શકશે**

https://www.nvsp.in/Home/KnowBoothNofficersલિંક પર ઓનલાઈન નોંધણી પણ કરાવી શકાશે

ગાંધીનગર, ગુરૂવારઃ

ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગનું મતદાન તા.૦૫ ડિસેમ્બર,૨૦૨૨ના રોજ યોજાશે. ત્યારે મતદાનના દિવસે ગાંધીનગર(ઉત્તર) મત વિસ્તારમાં ૪૦ ટકા કરતા વધુ દિવ્યાંગતા ધરાવતા અને ૮૦ વર્ષ કે તેથી ઉપરના વયોવૃદ્ધ, અશક્ત મતદારો માટે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા સાર્વજનિક વાહન વ્યવસ્થા કરવામાં આવી છે, તેવું ગાંધીનગર (ઉ)ના ચૂંટણી અધિકારી શ્રી બ્રિજેશ મોડિયાએ જણાવ્યું છે.

આ અંગે શ્રી મોડિયાએ જણાવ્યું છે કે, ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીનું મતદાન વધે તેવા ઉમદા આશયથી ‘અવસર લોકશાહીનો’ અભિયાન અંતર્ગત દિવ્યાંગ અને ૮૦ વર્ષ કે તેથી ઉપરની ઉંમરના મતદારો માટે જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ ખાસ વાહનની સુવિધા કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં જે મતદારો ગાંધીનગર(ઉ) વિભાગમાં મતદાન કરવાના છે. તેવા દિવ્યાંગ, ૮૦ વર્ષ કે તેથી ઉપરની ઉંમરના વયોવૃદ્ધ, અશક્ત મતદારો માટે સાર્વજનિક વાહનની સુવિધા કરવામાં આવી છે. આ સુવિધાનો લાભ લેવા ઈચ્છતા આવા મતદારોએ તા. ૦૩/૧૨/૨૦૨૨ અને તા. ૦૪/૧૨/૨૦૨૨ ના રોજ સવારના ૧૧.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમ્યાન ફોન નંબર- ૦૭૯ ૨૩૨ ૫૯૦૭૪ પર સંપર્ક કરીને પોતાનું નામ, મોબાઈલ નંબર, મતદાનનું સ્થળ, ભાગ નંબર, એપિક નંબર સહિતની વિગતો આપવાની રહેશે. આ ઉપરાંત, આવા મતદારો રૅજ:// www.nvsp.in/Home/ KnowBoothNofficersલિંક ઉપર પણ પોતાના નામની નોંધણી કરાવી શકશે.

# ઓછા મતદાને ઉમેદવારો અને પાર્ટીઓની ઉંઘ હરામ કરી

અમદાવાદ,તા.૨

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ના પ્રથમ તબક્કાના ૧૯ જિલ્લાની ૮૯ બેઠકોનું મતદાન પૂર્ણ થઈ ગયું છે. કેટલીક બેઠકો પર મતદાન માટે મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે તો કેટલીક બેઠકો પર ધીમી ગતિએ મતદાન થયું છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૬૧ ટકા મતદાન નોંધાયું હતું.ત્યારે હવે ચારેબાજુ ઓછા મતદાનને લઈને ચર્ચાઓનો દોર શરૂ થયો છે. પણ હકીકતે પહેલાં કરતા મતદાન વધ્યું છે.આ વખતે મતદાન ઘટ્યું હોવા છતાંય મતપેટીમાં વધારે મત પડ્યાં છે!વર્ષ ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૬૮ ટકા મતદાન થયું હતું. પરંતુ તેની સરખામણીએ વર્ષ ૨૦૨૨માં માત્ર ૬૧ ટકા જ મતદાન નોંધાયું છે. આમ, અહીં મતદાનની ટકાવારી ગત ચૂંટણી કરતા ૭ ટકા ઘટી છે. આ સિક્કાનું માત્ર એક જ પાસું છે. જોકે સિક્કાનું બીજું પાસે જાણવા માટે આપણે આ ગણિત સમજીએ. એક તરફ ઓછા મતદાનથી ઉમેદવારો પણ ભારે મૂંઝવણમાં મૂકાયા છે. હાલ ચારેબાજુ ઓછા મતદાનથી કઈ પાર્ટીને નુકસાન અને કઈ પાર્ટીને ફાયદો થશે તેના ગણિત વિશે ચર્ચાઓ ચાલી રહી છે.

જો આપણે ૨૦૧૭ અને ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાની વાત કરીએ તો ૨૦૧૭માં ૬૮ ટકા મતદાન થયું હતું. તે વખતે કુલ મતદારો ૨ કરોડ ૧૨ લાખ હતા. જેમાં ૧ કરોડ ૪૪ લાખ લોકોએ ૨૦૧૭માં મતદાન કર્યું હતું. પરંતુ વર્ષ ૨૦૨૨ની વાત કરીએ તો આ વખતે નવા વોટર્સ વધ્યા છે. આ વખતે મતદારોની સંખ્યા ૨ કરોડ ૩૯ લાખ હતી. જેમાંથી ૧ કરોડ ૪૬ લાખ લોકોએ મતદાન કર્યું છે. એ પ્રમાણે મતદારોની સંખ્યા જોવા જઈએ તો ૬૧ ટકા મતદાન થયું છે. પણ જો ૨૦૧૭ની ચૂંટણી કુલ મતદાનનો આંકડો જોવા જઈએ તો આ વખતની ચૂંટણીમાં ૨ લાખ મત વધારે પડ્યા છે. વર્ષ ૨૦૧૭ની સરખામણીએ આ વખતે ૨૭ લાખ મતદારો વધ્યાં છે. એટલેકે, ૨૭ લાખ નવા મતદારોનો આ યાદીમાં સમાવેશ થયો છે.

વર્ષ ૨૦૧૭માં પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન યોજાયું હતું. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર સાંજે મતદાનની ટકાવારી વધીને ૬૮ ટકા થઈ ગઈ હતી. તે વખતે પણ ગુજરાતની ચૂંટણીના પ્રથમ તબક્કામાં કુલ ૯૭૭ ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ગુજરાતમાં પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ૨.૧૨ કરોડ લોકો મતદાન કરવા પાત્ર હતા.

ગુજરાતની ચૂંટણીના ઈતિહાસ પર નજર કરીએ તો સામાન્ય રીતે વધારે મતદાન હંમેશાં ભાજપની તરફેણમાં રહ્યું છે. અને એ જ કારણ છે પ્રધાનમંત્રી મોદી પોતે પણ વધુ મતદાન માટે સતત અપીલ કરતા રહ્યા છે. ઘણી સભાઓ અને રેલીઓમાં પણ પીએમ મોદીએ લોકોને કહ્યું છે કે મત તમે ગમે તે પાર્ટીને આપો. પરંતુ મતાધિકારનો ઉપયોગ જરૂર કરો. આ ગણિત પર બંધ બેસીએ તો આ વખતનો આંકડો ભાજપને નફો કરાવી શકે છે.

# નર્મદા : કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં એક જ પરિવારના ૩ સભ્યોના મોત

નર્મદા,તા.૨

ગુજરાતમાં અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી રહેતી હોય છે. જેમાં મોટા ભાગના અકસ્માત હાઈવે પર જ સર્જાતા હોય છે.

ત્યારે એકવાર ફરી નર્મદા જિલ્લાના ડેડિયાપાડાના નિગમ ગામ નજીક બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. જેમાં બાઈક પર સવાર પરિવાર પર કાળ મોત બનીને આવ્યો. આ અકસ્માતમાં એક જ પરિવારના ૩ સભ્યોના મોત નિપજ્યાં છે.

અકસ્માતની મળતી માહિતી મુજબ આ અકસ્માત એટલો જીવલેણ હતો કે પરિવારના ત્રણ સભ્યોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. જાણવા મળી રહ્યું છે કે કારમાંથી વિદેશી દારૂની બોટલો પણ મળી છે.

# સરસ્વતી ફાર્મસી કોલેજ દ્વારા એડવેન્ચર ટ્રીપ નું આયોજન કરાયું







ગાંધીનગર:સરસ્વતી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધનપ, ગાંધીનગર ના રાષ્ટ્રીય સેવા યોજના [NSS] એકમ દ્વારા સાપુતારા ખાતે ૩ દિવસીય ટ્રેકિંગ કમ એડવેન્ચર ટ્રીપ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૦ જેટલા વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ટ્રીપ દરમ્યાન વિધાર્થી ઓ ને રેપલિંગ, કેમ્પ ફાયર તેમજ નાઈટ હાઈકીંગ જેવી અનોખી પ્રવુત્તિઓ કરાવવામાં આવી હતી  જેનાથી તેમના માં સાહસિક વૃત્તિઓનું નિર્માણ થાય.

## સુરતમાં આઈટીના દરોડા

# ચૂંટણી પૂર્ણ થતાં જ હીરા ઉદ્યોગકારો અને બિલ્ડરોને ત્યાં આવકવેરા વિભાગના દરોડા

અમદાવાદ,તા.૨

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થતાં જ સુરતમાં ઈન્કમટેક્સ વિભાગ સક્રિય થઈ ગયો છે. વહેલી સવારે છ વાગ્યાથી આઈટીની ટીમો ત્રાટકી હતી અને હીરા ઉદ્યોગકારો અને બિલ્ડરોને ત્યાં આઈટી વિભાગ દ્વારા રેડની કામગીરી હાથ ધરી હતી અંદાજે ૨૦થી વધુ સ્થળો પર આઈટીની ટીમો દ્વારા રેડની કામગીરી કરી છે, જેમાં ૧૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. સુરત સહિત મુંબઈમાં પણ આ રેડનો રેલો પહોંચ્યો છે.

હીરા ઉદ્યોગકારોને ત્યાં રેડ પડી હોવાનું સામે આવી રહ્યું છે. ધાનેરા ડાયમંડ કંપની અને તેમની સાથે સંકળાયેલાને ત્યાં વહેલી સવારે છ વાગ્યાથી આઈટીની ટીમ દ્વારા રેડની કામગીરી હાથ ધરવામાં આવી છે. હીરા ઉદ્યોગમાં ઘણા સમય બાદ રેડ પડતાં ઉદ્યોગકારોમાં ફફડાટની લાગણી જોવા મળી રહી છે. ધાનેરા ગ્રુપના અરવિંદ અજબાની સહિતના ભાગીદારોને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે.

હીરાની સાથે સાથે આઈટી વિભાગ દ્વારા બિલ્ડરલોબીને પણ વરુણીમાં લેવામાં આવી છે. રમેશ ચોગઠ નામના બિલ્ડરને ત્યાં પણ રેડની કામગીરી કરવામાં આવી છે, જેથી દિવાળી બાદ બિલ્ડિંગ વ્યવસાયમાં જોવા મળી રહેલી તેજીની સામે રેડથી ડરનો માહોલ પેદા થયો છે. આવકવેરા ખાતાનાં સૂત્રોએ જણાવ્યું છે કે સુરતના હીરા ઉદ્યોગમાં મોટું નામ ધરાવતા અને અરવિંદ ધાનેરા તરીકે ઓળખાતા ધાનેરા ગ્રુપને નિશાન બનાવવામાં આવ્યું છે અને તેમની સાથે સંકળાયેલા બે બિલ્ડરો નરેશ વીડિયો અને હિંમતભાઈને પણ ઝપેટમાં લેવામાં આવ્યા છે. ત્રણેયનાં રહેઠાણ ઉપરાંત ઓફિસો તથા બિલ્ડિંગ સાઈટોને પણ દરોડામાં આવરી લેવામાં આવી છે. ૪૦ જેટલાં સ્થળોએ દરોડા કાર્યવાહી ચાલી રહી છે અને મોટી રકમના બિનહિસાબી વ્યવહારો તથા કરચોરી પકડાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વહેલી સવારે છ વાગ્યાથી શરૂ થયેલી રેડની કામગીરીમાં સુરતની સાથે સાથે વડોદરા સહિતના અધિકારીઓ પણ જોડાયા છે.

અંદાજે ૧૦૦થી વધુ અધિકારીઓની ટીમ દ્વારા રેડની કામગીરી હાથ ધરવામાં આવી છે. સુરત શહેરમાં વેસુથી લઈને હીરા ઉદ્યોગકારોનાં ઘર અને બિલ્ડરની ઓફિસથી લઈને ઘર સુધીનાં અલગ અલગ અંદાજે ૨૦થી ૨૨ કરતાં વધુ સ્થળો પર રેડની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આઈટી વિભાગ દ્વારા કરવામાં આવેલી રેડમાં દિવાળી બાદ બિલ્ડરલોબી દ્વારા બ્લેકમાં કરાયેલા ધંધા તથા હીરા ઉદ્યોગમાં હાલ મંદી હોવા છતાં દિવાળી પહેલાં દબાવી રાખવામાં આવેલા નફાને લઈને બેનામી સંપત્તિ મોટી માત્રામાં બહાર આવે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.મતદાનના બીજા જ દિવસે રેડ પડતાં લોકોમાં ગણગણાટ શરૂ થયો છે. લોકો કહી રહ્યા છે કે આ વખતે બિલ્ડરલોબી અને હીરા ઉદ્યોગકારો દ્વારા યોગ્ય રીતે સાથ ન આપ્યો હોવાથી તેમના પર રેડ પડી છે.

અગાઉ પણ બિલ્ડીંગ અને જ્વેલરીના વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રુપ પર વહેલી સવારથી આવકવેરા વિભાગની ટીમ દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ અને સુરતની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં સંગીની ગ્રુપ, અરિહંત ગ્રુપ, અશેષ દોષી, મહેન્દ્ર ચંપક ગ્રુપ ખાતે ઈન્કમ ટેક્સ ડીડીઆઈ વિંગના દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. જેથી ટીમને કોરોનાકાળ બાદ થયેલા સોદાઓમાં મોટા પાયે ગેરરીતિ થઈ હોવાથી મોટી રકમ હાથ લાગે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુરત ડિરેક્ટોરેટ રેવન્યુ ઈન્ટેલિજન્સે મોટી કાર્યવાહી હાથ ધરી છે. વરાછા લંબેહનુમાન રોડ નો જ્વેલર્સ અને મહિધરપુરામાં વેપારી ત્યાં દરોડા પાડયા છે. જેમાં અંદાજે ૧૦ કરોડની કિમતનુ ૧૮ કિલો સોનુ કબ્જે કર્યુ છે.૪ લોકોને પૂછપરછમાં પણ લીધા છે.

જ્વેલર્સ અને બુલિયન વેપારીના ત્યાં ડીઆરઆઈની રેડમાં ઝડપાયેલા જ્વેલર્સ અને બુલિયન વેપારીના ત્યાં ડીઆરઆઈની રેડમાં દાણાચોરીનુ સોનુ હોવાની શંકા છે કારણ કે કબ્જે કરેલ સોના પર કસ્ટમ ડ્યુટી અને જીએસટી ચુકવાણો નથી.

# ‘બંગાળીઓ માટે માછલી પકવશો?‘ નિવેદન પર પરેશ રાવલે માફી માંગી

અમદાવાદ,તા.૨

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માટે પ્રચાર કરી રહેલા બોલિવુડ સ્ટાર પરેશ રાવલ બંગાળીઓને લઈ ટિપ્પણી કરતાં વિવાદોમાં ફસાયા છે. તેમણે કહ્યું હતું કે ગુજરાતના લોકો મોંઘવારીને સહન કરી લેશે પરંતુ પાડોશના બાંગ્લાદેશીઓને અને રોહિંગ્યાઓને નહીં. આ નિવેદનને લઈ ટીકાનો સામનો કર્યા બાદ તેમણે માફી માંગી છે. પરેશ રાવલે મંગળવારના રોજ વલસાડમાં કહ્યું હતું ગેસ સેલિન્ડર મોંઘો છે પરંતુ ભાવ ઓછા થઈ જશે. લોકોને રોજગારી પણ મળશે.

પરંતુ ત્યારે શું થશે જ્યારે રોહિંગ્યા શરણાર્થી અને બાંગ્લાદેશી દિલ્હીની જેમ તમારી આસપાસ રહેવાનું શરૂ કરી દેશે. ગેસ સિલિન્ડરનું તમે શું કરશો? બંગાળીઓ માટે માછલી પકાવશો? ગુજરાતમાં પહેલાં તબક્કા માટે ગુરૂવારના રોજ મતદાન થયું છે.

તેમણે કહ્યું હતું ગુજરાતના લોકો મોંઘવારી સહન કરી શકે છે પરંતુ આ નહીં... જે રીતે તેઓ અપશબ્દ કહે છે. તેમાંથી એક શખ્સને મોં પર ડાયપર પહેરાવાની જરૂર છે. બોલિવુડ એક્ટર રાવલે જો કે રેલીમાં એ શખ્સનું નામ લીધું નહોતું તેમનું નિશાન સ્પષ્ટપણે અરવિંદ કેજરીવાલને લઈ હતું. રાવલે કહ્યું કે તેઓ અહીં પ્રાઈવેટ પ્લેનથી આવે છે અને ત્યારબાદ દેખાડો કરવા રિક્ષામાં બેસે છે. અમે આખી જિંદગી એક્ટિંગમાં પસાર કરી દીધી પરંતુ આવી નોટંકીવાળા જોયા નથી. તેમણે શાહીનબાદમાં બિરયાની પીરસી હતી.

પરેશ રાવલના આ નિવેદનને કેટલાંક લોકોએ બંગાળીઓ વિરૂદ્ધ ‘હેટ સ્પીચ‘ ગણાવી દીધી તો બીજાએ તેને રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓની વિરૂદ્ધ માન્યું. આ મુદ્દા પર આકરી ટ્વિટસ બાદ પરેશ પાવલે સવારે માફીવાળી પોસ્ટ કરતાં દાવો કર્યો કે તેમનો આશય ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓથી હતો.

તેમણે પોસ્ટમાં લખ્યું કે ચોક્કસ માથલી મુદ્દો નથી કારણ કે ગુજરાતી પણ માછલી પકવે છે અને ખાય છે પરંતુ બંગાળીને લઈ હું સ્પષ્ટતા કરવા માંગું છું કે મારો આશય ગેરકાયદે બાંગ્લાદેશીઓ અન રોહિંગ્યાઓથી હતો.

# ૩૦ લાખની લાંચ કેસમાં ફરાર આઈઆરએસ સંતોષ કરનાની ભાગેડુ જાહેર


અમદાવાદ,તા.૨

અમદાવાદમાં ૩૦ લાખની લાંચના કેસમાં ફરાર આઈઆરએસ સંતોષ કરનાનીને ભાગેડુ જાહેર કરાયો છે. સંતોષ કરનાનીને સીબીઆઈકોર્ટે ભાગેડુ જાહેર કર્યો છે. સંતોષ કરનાની વિરુદ્ધ બિન જામીન પાત્ર વોરંટ ઈસ્યુ થયુ છે. ભાગેડુ સંતોષ કરનાનીને શોધવા માટે સીબીઆઈ દ્વારા અલગ અલગ ૨૧ સ્થળોએ સામુહિક દરોડા પાડ્યા છે. સંતોષના નિવાસ તથા તેના સગા સંબંધીઓના નિવાસે દરોડા પાડવામાં આવ્યાં છે. સર્ચ દરમિયાન સંતોષ વિરુદ્ધ અનેક દસ્તાવેજી પુરાવા મળ્યા છે. આપને જણાવી દઈએ કે, સીબીઆઈને રૂપિયા ૪૧.૯૬ લાખની લ્હ્ઢના પુરાવા મળ્યા છે. સીબીઆઈએ સંતોષ કરનાનીને વોન્ટેડ જાહેર કરવાની સાથે રૂપિયા ૧ લાખના ઈનામના પોસ્ટર્સ પણ જાહેર કરાયા છે.

આપને જણાવી દઈએ કે, અમદાવાદમાં એડિશનલ આઈટી કમિશનર સામે રૂપિયા ૩૦ લાખની લાંચની ફરિયાદ નોંધાઈ હતી. અમદાવાદના આશ્રમરોડ પર આવેલા આવકવેરા વિભાગના મુખ્ય ભવનમાં ફરજ બજાવતા એડિશનલ કમિશનર સંતોષ કરનાનીએ ૩૦ લાખ રૂપિયા જેટલી રકમની લાંચ માંગી હતી. એડિશનલ કમિશનર લાંચ લેતા રંગ હાથે પકડાય તે પહેલા જ ભાગી ગયા હતા.

# બાબા રામદેવ, આચાર્ય લોકેશજી અને કેન્દ્રીય મંત્રી શેખાવત, ચૌધરી સહિત ઘણા સંતોએ સદગુરુ ત્રિકમદાસજી પીઠ દ્વારા આયોજિત ભારત માતાની પ્રતિમાનાં શિલાન્યાસ સમારોહમાં ભાગ લીધો





**રાજસ્થાનની ધરતી પરથી ભારતીય સંસ્કૃતિ અને નૈતિકતાનો સંદેશ વિશ્વમાં જશે - આચાર્ય લોકેશ**

**રાજસ્થાનના દરેક ભાગમાં સંતોનું બલિદાન અને તપસ્યા દેખાય છે - કેન્દ્રીય મંત્રી શેખાવત**

રાજસ્થાનનાં પાલી જિલ્લાનાં પીઠાધીશ્વર ગુરુદેવ નિર્ભયદાસ અને યુવાચાર્ય અભયદાસજી મહારાજનાં સાનિધ્યમાં આયોજિત આશ્રમનાં નવા મકાનનાં ઉદ્‌ઘાટન પ્રસંગે યોગગુરુ સ્વામી રામદેવ, જૈન આચાર્ય લોકેશજી, સ્વામી ચિદાનંદ, સરસ્વતીજી મહારાજના સાનિધ્યમાં સંતો આચાર્ય અવિચલ દાસજી, રવિન્દ્ર પુરીજી વગેરે, કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત, કેન્દ્રીય રાજ્ય મંત્રી કૈલાશ ચૌધરી, સાંસદ પી પી ચૌધરી સહિત મહાનુભાવો અને વિશાળ જન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જગદગુરુ રામભદ્રાચાર્યજી દ્વારા સંત શ્રી નિર્ભય દાસજી મહારાજને આચાર્ય પદે ઉન્નત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ સંતોએ તેમનું શાલ ઓઢાડીને અભિવાદન કર્યું હતું. રાજસ્થાનની ધરતીના પનોતા પુત્ર અને વિશ્વ શાંતિના દૂત આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે આજે મારી જન્મભૂમિ રાજસ્થાન ભાગ્યશાળી છે કે ગુરુદેવ નિર્ભયદાસ અને યુવાચાર્ય અભયદાસજી મહારાજનાં આમંત્રણ પર વિશ્વ વિખ્યાત સંતો અહીં પધાર્યા છે.

આ પૃથ્વી પર વિશ્વની સૌથી મોટી ભારત માતા મંદિરની પ્રતિમા અને વેલનેસ સેન્ટર દ્વારા સમગ્ર વિશ્વને ભારતીય સંસ્કૃતિ, ધર્મ, આધ્યાત્મિકતા અને નૈતિકતાનો સંદેશ મળશે. પતંજલિ યોગપીઠનાં સ્થાપક યોગગુરુ સ્વામી રામદેવજીએ સદગુરુ શ્રી ત્રિકમદાસજી ધામ પીઠનાં નવા મકાનને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે યોગ, ધ્યાન, સુખાકારી એ વર્તમાન સમયની મોટી જરૂરિયાત છે, તે હંમેશાની જેમ તમામ સામાજિક સંસ્થાઓ અને સંતોની ફરજ છે. લોકોને સ્વસ્થ જીવન જીવવાનાં વિવિધ માધ્યમો વિશે સમયાંતરે માહિતગાર કરવા. તેમણે કહ્યું કે યોગ, ધ્યાન અને વેલનેસ દ્વારા સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ શક્ય છે. કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે વિશાળ જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે, વીર પ્રસુત રાજસ્થાનની ધરતી પર અનેક ત્યાગી-તપસ્વી સંતોનો ભવ્ય ઈતિહાસ રહ્યો છે, તે જ પર્વમાં આજે તખ્તગઢ પીઠમાં આવનારા સમયમાં ધર્મ, આધ્યાત્મિકતા અને નૈતિકતાનો સંદેશ ફેલાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

યુવાચાર્ય સ્વામી અભયદાસજી મહારાજે જણાવ્યું હતું કે રાજસ્થાન અને તખ્તગઢ માટે ગૌરવની વાત છે કે આજે વિશ્વ પ્રસિદ્ધ સંતો, કેન્દ્રીય મંત્રીઓ અને અનેક વરિષ્ઠ મહાનુભાવો સદગુરુ શ્રી ત્રિકમદાસજી ધામ પીઠ ખાતે પધાર્યા છે. માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, સદગુરુ શ્રી ત્રિકમદાસજી ધામ પીઠના નવા ભવનનું ઉદ્‌ઘાટન સાથે પીઠમાં દેશની સૌથી મોટી ભારત માતાની પ્રતિમાનું પણ સ્થાપન કરવામાં આવશે.

પરમાર્થ નિકેતનનાં પ્રમુખ સ્વામી ચિદાનંદ સરસ્વતીજી વગેરે અનેક સંતોએ કહ્યું કે સ્વસ્થ જીવન માટે સંયમિત અને શિસ્તબદ્ધ દિનચર્યા હોવી જરૂરી છે. યોગ અને આધ્યાત્મિકતા દ્વારા, વ્યક્તિના જીવનના શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક વિમાનોનાં સર્જનાત્મક સિદ્ધાંતો સાથે સંવાદિતા બનાવવામાં આવે છે.

# પશુની ટક્કરથી વંદેભારત ટ્રેનનો આગળનો ભાગ ચૂરચૂર થઈ ગયો

વાપી,તા.૨

પીએમ મોદી દ્વારા હોંશભેર શરૂ કરાયેલી વંદેભારત ટ્રેનને ગ્રહણ લાગ્યું છે. વંદેભારત ટ્રેનના અકસ્માતો અટકવાનું નામ નથી લઈ રહ્યાં. હવે પાંચમીવાર વંદેભારત ટ્રેનને અકસ્માત નડ્યો છે.

વાપી અને સંજાણની વચ્ચે વંદેભારત ટ્રેનને અકસ્માત નડ્યો હતો. ટ્રેનની વચ્ચે પશુ આવી જતા મુંબઈ તરફ જતી ટ્રેનને સંજાણ પાસે થોભાવી હતી. જેથી ટ્રેન થોડી વાર રોકી દેવાઈ હતી. જેના બાદ સામાન્ય મરામત કરીને ટ્રેન રવાના કરાઈ હતી.

વંદેભારત ટ્રેનને આ પહેલા ચાર અકસ્માત નડ્યા હતા, જ્યારે હવે તેમાં વધુ એક ઉમેરો થયો છે. આ સાથે હવે વંદેભારત ટ્રેનના અકસ્માતના બનાવો ૫ થયા છે. દરેક વખતે વંદેભારત ટ્રેનને પશુઓ અડફેટે આવ્યા છે, જે બતાવે છે કે ગુજરાતમાં રખડતા ઢોર કેટલા બેકાબૂ બન્યા છે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવાળી પહેલા મુંબઈથી અમદાવાદ વચ્ચેની દોડાનારી વંદેભારત એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી બતાવી હતી. ટ્રેન શરૂ થયાના ચાર દિવસમાં જ વંદેભારત ટ્રેનને અકસ્માત નડ્યો છે. આ જ મહિનામાં ૬ ઓક્ટોબરના રોજ અમદાવાદથી વટવા વચ્ચેના રુટમાં ચાર ભેંસ વચ્ચે આવી જતા ટ્રેનના આગળના ભાગે નુકસાન થયું હતું. તો તેના બીજા દિવસે એટલે કે ૭ ઓક્ટોબરના રોજ આણંદ પાસે ગાય અથડાતા વંદેભારત ટ્રેનને અકસ્માત સર્જાયો હતો. જેમાં પણ ટ્રેન અથડાતા મામૂલી નુકસાન થયું છે. તો ત્રીજા અકસ્માતમાં વલસાડમાં ગાય સાથે અથડાતા એન્જિનને મોટું નુકસાન થયું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.